
# અર્પણ

(કાવ્યસંગ્રહ)




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

Title : Arpan (અર્પણ)

Language : Gujarati

Version : 1.0

Pages : 106

Created : December 01st 2018.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (**ISBN 978 81 934278 28**). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## શ્રી યોગેશ્વરજી

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



મારાં પરમ પૂજ્ય માતાજી જ્યોતિર્મયીના સ્વર્ગવાસ પછી માતા પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને લખાયેલાં મારા કાવ્યોનાં સંગ્રહ 'તર્પણ'ને જે અસાધારણ આવકાર સાંપડ્યો તેથી પ્રેરાઈને કાવ્યોના આ બીજા સંગ્રહને જનતા સમક્ષ રજૂ કરું છું.

આ કાવ્યસંગ્રહનાં મોટાભાગનાં કાવ્યો ગેયકાવ્યો હોવાથી અને એમના ભાવો વિવિધ હોવાથી એમનો લાભ લેનારને રુચિકર થશે એવું માનું છું.

વિશેષ તો કાવ્યો પોતે જ કહેશે.

**- યોગેશ્વર**

જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. આપણે સૌરભ બનીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ આપણે સલિલ બનીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ આપણે જ્યોતિ બનીએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એના યાત્રી બનીને આપણે યાત્રા કરીએ

યોગેશ્વરના આશિષ

* * *

## વંદન

શ્રી યોગેશ્વરજી એક અભિનવ શૈલીથી સંપન્ન સરસ સાહિત્યકાર હોવા છતાં એમના સાહિત્યસર્જનથી અને એના દ્વારા એમણે કરેલી સેવાની પ્રાણવાન પ્રવૃત્તિથી કેટલાક સાહિત્યકારો તથા વિવેચકો સુપરિચિત નથી એ એક હકીકત છે. શ્રી યોગેશ્વરજી કેવળ સંત, મહાત્મા, યોગી અથવા ઉત્તમ પ્રવચનકાર જ નથી પરંતુ સમર્થ લેખક કે સાહિત્યકાર પણ છે. એમણે ગરવી ગુજરાતી ભાષામાં ૮૦ જેટલા પુસ્તકોનું પ્રદાન કરીને પોતાનું અનોખું, આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ પ્રદાન વૈવિધ્યવાળું છે.

‘ગાંધીગૌરવ’, ‘કૃષ્ણ રુકિમણી’, ‘રામાયણદર્શન’ એમની વિશાળ કાવ્યકૃતિઓ.

‘બિન્દુ’ બાળકાવ્યોનો સંગ્રહ.

‘હિમાલય અમારો’ દેશપ્રેમનાં ગીતો.

‘દ્યુતિ’, ‘અભીપ્સા’, ‘પ્રસાદ’, ‘તર્પણ’ કાવ્યસંગ્રહો.

‘અનંત સૂર’, ‘સનાતન સંગીત’, ‘ફૂલવાડી’, ‘અક્ષત’, ‘પરિમલ’ એમની અછાંદસ કૃતિઓ.

‘આરતી’, ‘આલાપ’, ‘અભીપ્સા’, ‘પ્રસાદ’, ‘સાંઈસંગીત’, ભજનો

‘રસેશ્વરી’, ‘ઉત્તરપથ’, ‘સમર્પણ’, ‘આગ’, ‘પરીક્ષિત’ જેવી પંદરેક નવલકથાઓ.

‘રોશની’ નવલિકા સંગ્રહ.

‘પ્રકાશના પંથે’ નામક આત્મકથા.

‘હિમાલયના પત્રો’ પત્રસાહિત્યની પરમપ્રેરક કૃતિ.

‘ગીતાદર્શન’, ‘ઉપનિષદનું અમૃત’, ‘યોગદર્શન’, ‘પ્રેમભક્તિની પગદંડી’, ‘ચંડીપાઠ’, ‘સાધના’, ‘યોગમીમાંસા’, ‘રામકથામૃત’, ‘ગીતાસંદેશ’, ‘ગીતા તત્ત્વવિચાર’, ‘આરાધના’ જેવા ચિંતનગ્રંથો.

‘બ્રહ્મસૂત્ર’, ‘ભાગવત’ મહાગ્રંથો.

‘તીર્થયાત્રા’, ‘કળીમાંથી ફૂલ’ જેવા પ્રવાસ પુસ્તકો.

‘સંત સમાગમ’, ‘સત્સંગ’, ‘ધર્મનો સાક્ષાત્કાર’, ‘ધર્મનો મર્મ’, ‘ઈશ્વરદર્શન’, ‘અધ્યાત્મનો અર્ક’, ‘પરબનાં પાણી’, ‘ધૂપસુગંધ’ જેવા રેખાચિત્રો તથા પ્રશ્નોત્તરી ગ્રંથો.

એકત્રીસ વાર છપાઈ ગયેલી (બે લાખ પ્રત) ‘સરળ ગીતા’.

‘ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં’, ‘હિમગિરિમાં યોગી’, ‘રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં’, એમના અંગ્રેજી પુસ્તકોના અનુવાદો.

એમનો સુંદર, સુવિખ્યાત ચરિત્રગ્રંથ ‘ભગવાન રમણ મહર્ષિ’.

એ ઉપરાંત એમની પદ્યાનુવાદ કૃતિ ‘રામચરિતમાનસ’, સંતશિરોમણી તુલસીદાસ રચિત રામચરિતમાનસનો એ પદ્યાનુવાદ ગ્રંથ ગુજરાતીભાષી પ્રજાને માટે અસાધારણ આશીર્વાદરૂપ ઠર્યો છે. એમાં એમણે રજૂ કરેલી રામાયણ નોંધ એમની તટસ્થ, મૌલિક, ચિંતનશક્તિની પ્રતીતિ કરાવે છે. એ મહાગ્રંથ દ્વારા એમણે ગુજરાતી સાહિત્યની શકવર્તી સર્વોત્તમ સેવા કરી લેખાશે.

શ્રી યોગેશ્વરજીની સાહિત્યસાધના દિનપ્રતિદિન અખંડ રીતે ચાલતી રહી છે. એમની સાહિત્યસાધનાસરિતા અસંખ્યને માટે આશીર્વાદરૂપ ઠરે છે. નીરક્ષીર વિવેકવાળા, પૂર્વગ્રહમુક્ત, તટસ્થ વિવેચકોએ એનો આસ્વાદ લેવાની અને જનસમૂહને પરિચય કરાવવાની આવશ્યકતા છે.

હિન્દી, અંગ્રેજીમાં પણ એમનાં પુસ્તકો પ્રકાશન પામ્યાં છે.

એ ઋષિ સાહિત્યસર્જકને વંદન.

**— મા સર્વેશ્વરી**

* * *

## કૃતિપરિચય

શ્રી યોગેશ્વરજી રચિત 'અર્પણ' કાવ્યસંગ્રહ પ્રભુપરસ્ત છે. પ્રભુનાં ગુણગાન, પ્રભુનો મહિમા એ જ એનું ચરમ લક્ષ્ય છે. *'એવી કવિતાને કરવી શું મારે, જે ના ગુણોને તમારા રટે'* એમ કહી કવિશ્રી દેવ વગરના મંદિરને, પુષ્પો વગરની આરતીને, જ્યોતિ વગરની દીપિકાને, સુગંધ વિનાનાં પુષ્પોને, આત્મા વગરની કાયાને શું કરવાનાં? એવું ભિન્નભિન્ન કલ્પનો દ્વારા સ્ફુટ કરી; છેવટે : *'જે અક્ષરો, છંદો ઈશ્વરને ન સ્મરે તેને શું કરવાનાં?'* એ ધ્રુવપંક્તિ પર અટકે છે, 'અર્પણ'નાં સર્વ (૯૧) કાવ્યોનાં વર્તુળો આ સંવેદનાના કેન્દ્રમાંથી જ વિસ્તરે છે, પણ અભિવ્યક્તિની વિવિધ છટાઓમાંથી એમાં કવિત્વનો નિખાર પણ અનુભવાય છે.

કવિશ્રી પ્રભુને કહે છે, *'તમે મને શરીર આપ્યું મેં તમને હૃદય.'* અને પછી *'તમે તરુવર હું છાયા'*થી આરંભી આંખ-જ્યોતિ, વિહંગ-પાંખ, સલિલ-સરિતા, સૃષ્ટિ-વૃષ્ટિ, મંદિર-પૂજારી, માળી-ક્યારી, સિતારી-સુરાવલિ...જેવાં અનેક ચિત્રો-પ્રતિરૂપો સર્જી; પ્રભુઅનુરાગની અધિકતા દર્શાવતાં કહે છે: *'મેં અધિક અશ્રુ ન સાર્યાં, તમે પોકેપોકે રોયાં.' 'મારી તૃષા તનિક તમે તૃષાર્ત કલ્પોકેરાં.'* અને આ ભાવગતિ તીવ્ર બનતાં *'મેં માગ્યું એક જ બિંદુ તમે વરસ્યા કરુણાસિંધુ'* જેવી કવિત્વપૂર્ણ પંક્તિ સહજ રચી રહે છે. તાત્ત્વિક આભાનું એક રમ્ય દર્શન 'મન'ની *'તમને સદા સમર્પણ સઘળું બન્યું તમારું, પૂજનીય ને પૂજારી, પૂજન મટી ગયું સૌ'* એ પંક્તિમાં મળે છે.

પ્રભુભક્તનો દાવો છે, 'પ્રીત પુરાતન મેં યે કરી, ધરતીકંપો, લાવા વચ્ચે પણ સ્વસ્થ રહેતી મતિ.' પ્રભુદર્શનની ઝંખના છે પણ પૂરી ન થાય તો અફસોસ નથી. છતાં 'તમોને પરમમંગલ દર્શનીય ક્ષણેક્ષણે લાગુ' એવી આકાંક્ષા છે. ખોજ કરતાં જણાય છે કે, *'જડચેતનરૂપે રાસ રહ્યાં દિવ્ય તમે જ રમી.' 'અખિલ જગત પદચિહ્ન તમારું.' 'તમારો પ્રેમ પળે પળે નૂતન', 'તમે પ્રગટો, રાસ રચો રંગભર્યા બહાર અને અંતરમાં.'*

ભક્તહૃદય જાણે છે કે, પ્રભુ દર્શન આપે જ છે; *'આસન વાળી, જ્યોતિ જગવી, શૂન્ય શિખર પર વાસ કરે તેને'* અરે, પ્રભુ તો *'જે સમર્પણ કરે તેને સિંહાસને બેસાડી સ્વયં ઊભા રહે! 'તમારા વિના હું શું, મારા વિના તમે નથી રહેતા, નથી રહી શકતા'* એનો સંતોષ ભક્તને છે. પોતે જો જીવન સમર્પી દીધું પ્રભુને તો *'તમે કરી બદલામાં મુજને ભસ્મ પ્રેમની અર્પણ'*ની ધન્યતા છે. 'અનિત્ય સંસારે નિત્ય સન્મિત્ર ને પ્રિય પ્રભુ જ છે.' તેની પાકી પ્રતીતિ છે. પોતાની પાત્રતા કરતાં પ્રભુએ સદા વધારે જ અર્પ્યું છે. આ વાત એક સુંદર કલ્પનરૂપે કવિ મૂર્ત કરી રમણીય પ્રેરક રચના આપે છે:

*'મેં આરાધેલ અક્ષરની તમે કોટિ કરી કવિતા*
*કમળદળ મેં કર્યું કેવળ, તમે સત્વર બન્યા સવિતા.'*

પ્રભુમિલનથી જ 'જડ ચેતનાને પામી જાગી જશે સકળ.' એ શ્રદ્ધા ભક્તમાં ઈચ્છા પ્રગટાવે છે, ઘરની જ્યોત બનવાની, દુનિયાનો દેવ બનવાની, મદોન્મત્ત તરંગોની વચ્ચે હોડી ધપે, બીજાને પણ પાર કરે.' પણ એ માટે પ્રભુએ જ પોતાનાં બારણાં ઉઘાડવાં પડશે. વિનમ્રતાથી કહે છે: *'અમારા ગુણે જ તરી શક્યા હોત તો*

*માગી મદદ ના હોત.'* પિત્તળની થાળી તમારા અલૌકિક સ્પર્શે જ સોનાની થઈ શકશે. ઉપવનનું ફૂલ માળી ચૂંટી મંદિરમાં પધરાવે તો અજ્ઞાત પ્રખ્યાત બને. એમ સંગનો મહિમા મંગલ છે, એમાં ક્ષમતા છે; ચંદન-ફૂલમાંથી સુગંધ પ્રસારવાની એમ શિલાને મંદિરની પ્રતિમારૂપે મહિમાવંત કરવાની. આમ 'અર્પણ'નાં લગભગ બધાં જ કાવ્યોમાં ભક્ત હૃદયના પ્રભુ-અનુરાગનો તાર રણઝણી રહે છે;

કવિશ્રી સંતૃપ્તભાવે ગાય છે :

*'સંતોષ એટલો છે સાર્થક સમસ્ત ગીતિ*
*પરિતોષ હું યે આપું તમને કરીને પ્રીતિ.'*

'અર્પણ'માં પ્રભુસદૃશ સદગુરુનો મહિમા પણ સરસ પ્રગટ્યો છે:

- *પંચતત્વની પવિત્ર પ્રતિમા અંદર દેવ બિરાજે*
- *સર્વ સાધનામાં સદગુરૂનાં શ્રીચરણશરણ શ્રેષ્ઠ !*
- સંયત અશ્વ હોય, સારથિ સાવધ હોય તો ગન્તવ્યસ્થાને પહોંચે-પહોંચાડે
- બાળક માની આંગળી પકડે તો કદાચ છૂટી જાય પણ મા બાળકનો હાથ પકડી લે તો કોઈ ચિંતા ન રહે.
- *સંત તો પ્રગટ ખરે ભગવંત !*

'પૂજારી'ને સંબોધન કરતું કાવ્ય પણ આકર્ષક છે :

*'પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી, પૂજા કોની કરે પૂજારી ?'*

'માતૃભૂમિ' માટેનો ભાવસ્પંદ સહજ જ ઝીલાય છે:

*'તારે જ કાજ જીવન ને મૃત્યુ તારે ખાતર.'*

જગત માટેનો વ્યંગ 'પશુસંગ્રહસ્થાન'માં સ્ફુટ થાય છે:

*'સકળ દીસતું જગત સંગ્રહસ્થાન શું*
*વિભિન્ન પશુથી વિહંગ મનુજોથકી ઊભર્યું.'*

'ગિરનારને' ભવ્ય અંજલિ આપતાં કવિશ્રી કહે છે:

*'કૃતાંતમુખમાંય જીવિત રહ્યો સ્થિતપ્રજ્ઞશો.'*

કોઈ ચિંતનકાવ્યમાં જન્મ-મરણનું કલાત્મક અર્થઘટન પણ મળે :

*'શ્રમિત પથિકને છાયા આપી સુવડાવી દો રાતે*
*જગાડો નૂતન જગમાં તમે વિખેરી વાદળ.'*

કોઈ સીધું-સ્પષ્ટ કથન પણ અત્યંત પ્રભાવક લાગે:

*'સંગીતસમારોહે ઉસ્તાદશા, તમારા વિના બધું બેતાલ છે.'*

ક્યાંય ગદ્યાળુ ભાવાભિવ્યક્તિ પણ જણાય:

'તમારી પ્રીતથી ન્હવરાવ્યો' પથારી-હરદમ પ્રાણપથારી, પ્રીતભિખારી'

ક્યાંય ભક્તનો સાત્વિક અહંકાર કવિતામાં તરતો લાગે :

*'તમારી સાર્થક થઈ છે પરખ પાવન પ્રીતની*

*કહી દો કૃતકૃત્યતા તમને મળી મુજ ગીતથી !'*

કાવ્યોના કોઈ કોઈ ખૂણે ગોચર થતાં સુકુમાર સંવેદનસભર કલ્પનો આપણને મુગ્ધ કરે;

- *વાદળી વ્યોમથકી વરસી, પ્રાણને પ્રીત ગઈ સ્પર્શી.*

- *મહાનાગણ નીકળી અભિસારિકા બનીને પ્રેમે મગન એવી સડક!*

- પીંજરમાં શાર્દૂલ.....પ્રભુકૃપાથી આત્મગૌરવ જાગી ઊઠે.

- *'આપણા હાથમાં કાંઈ ન ભાઈ ! આપણા હાથમાં કાંઈ,*

*વરસાય એટલું વરસી લઈએ, ચારે તરફથી વાઈ.'*

ટાગોર-શ્રીધરાણીની અનુકૃતિ જેવી 'પ્રતીક્ષા' રચના આકર્ષક છે. હર્મ્યશા આવાસમાં આગંતુકને ઓસરી ચીંધી રાતે, સવારે આખી ઓસરી મૌક્તિકે મઢાયેલી, સુવર્ણે બંધાયેલી જોઈ, પોતાના સંવેદનશૂન્ય આતિથ્યનો વસવસો કવિશ્રીને કહેવા પ્રેરે છેઃ

*'ગયો અવસર કિન્તુ આવ્યો ન કદી*

*પ્રતીક્ષા નિશદિન કરૂં છું ત્યારથી.'*

અર્પણના એક કાવ્યમાં તો કવિવાણી ઉપનિષદીય બને છે;

*'તમે પૂર્ણ તમારું પૂર્ણ બધું; પૂર્ણમહીં પૂર્ણ વિહાર કરે.'*

'અર્પણ'માં બહુધા ભાવ-વિષયની એકવિધતા હોવા છતાં અભિવ્યક્તિના વિવિધ આવર્તનોમાં ભક્તહૃદયમાં પ્રતિષ્ઠિત પ્રભુપ્રેમ એટલો તો કલાત્મક આવિર્ભાવ પામ્યો છે કે, કાવ્યની વ્યાખ્યા 'Best words in best order.' એ અહીં સહજે સિદ્ધ થાય છે.

સાચે જ, 'અર્પણ' કાવ્યસંગ્રહ શ્રી યોગેશ્વરની રચનાઓને ઓપવંતી, અદ્દભુત, અવિસ્મરણીય બનાવી અટકતો નથી. સમગ્ર 'ગુજરાતી કાવ્યસમૃદ્ધિનો એ અનેરો ઉમેરો' બની રહી, કવિત્વના ઉન્નત શૃંગે બિરાજે છે. શ્રી યોગેશ્વરજીની સર્જકપ્રતિભાને કોટિ કોટિ વંદન!

**- તરલા દેસાઈ**

## અનુક્રમણિકા


૧. તમે અને મેં

૨. કૃતજ્ઞતા

૩. ઓગાળી દો

૪. અમર દાન

૫. પ્રેમ કરીને

૬. કરુણા

૭. ગુરૂ

૮. અનુરાગની અધિકતા

૯. જન્મમરણ

૧૦. શાશ્વત સૂર

૧૧. પ્રણય

૧૨. હે અભય

૧૩. પ્રીત

૧૪. તું

૧૫. પ્રીત

૧૬. દર્શન

૧૭. પ્રતીક્ષા

૧૮. પ્રશ્નાવલિ

૧૯. માગું

૨૦. મન

૨૧. ખોજ

૨૨. ઋણ

૨૩. અમે તમારા

૨૪. સંત

૨૫. અનુગ્રહ

૨૬. વિશ્વરૂપ

૨૭. દર્શન

૨૮. તમારું બધું

૨૯. વિના વિલંબ

૩૦. તમારો પ્રેમ

૩૧. તમારા વિના

૩૨. કૃતકૃત્યતા

૩૩. આશિષની આકાંક્ષા

૩૪. સાધના

૩૫. વાદળી

૩૬. સડક

૩૭. વાદળી આકાશની

૩૮. પરિપૂર્ણતા

૩૯. તમારું પ્રાગટ્ય

૪૦. મહિમા

૪૧. અનુરાગ

૪૨. માતૃભૂમિને

૪૩. દર્શન

૪૪. છેક સમીપ હતું

૪૫. આણો અંત પ્રતીક્ષાનો

૪૬. સાર્થક

૪૭. વરસાવો અમૃતબિંદુડા

૪૮. મેં તમોને ક્યાં કહેલું

૪૯. મિલન જ માગું છું

૫૦. તમારા મિલને

૫૧. પ્રેમ

૫૨. એટલું કીધું

૫૩. નેમ

૫૪. પ્રેમરસ

૫૫. સર્વ સ્થળે

૫૬. પશુ સંગ્રહસ્થાન

૫૭. સદ્ ગુરુના શ્રીચરણમાં
૫૮. ધડક
૫૯. ગિરનારને
૬૦. એવી કવિતાને
૬૧. સાગરનો સ્નેહ
૬૨. સ્મશાન
૬૩. પથારી
૬૪. હું
૬૫. પૂજારીને
૬૬. હે ભગવન્
૬૭. ક્યાં સુધી
૬૮. સ્વાતિબિંદુ તથા મેઘબિંદુ
૬૯. બિરદ
૭૦. અપેક્ષા
૭૧. નામનો મહિમા
૭૨. પુરાતન પ્રીત
૭૩. સંતોષ
૭૪. કારણ
૭૫. અમર પળ
૭૬. પ્રદીપ
૭૭. સમજી શકો તો સારું
૭૮. આપણા હાથમાં કાંઈ ના ભાઈ
૭૯. પાત્રતા કરતાં વધારે
૮૦. રથ
૮૧. જ્યોત બનું
૮૨. યોગી
૮૩. મહામેળામાં
૮૪. સંગ
૮૫. ઉઘાડો બારણાં
૮૬. ગીત તમારું ગાઈ લો
૮૭. તો
૮૮. અમારા જીવનમાં
૮૯. પિત્તળની થાળી
૯૦. સંગનો મહિમા
૯૧. પરિતોષ આપું



* * *

## ૧. તમે અને હું

તમે મને શરીર આપ્યું મેં તમને હૃદય.
તમે મને જીવન આપ્યું મેં કવન, ઓ અભય !

તમે મને તન આપ્યું મેં તમને મન.
તમે મને રે'મ આપી મેં તમને પ્રેમ.

તમે આપ્યું ગીત મેં આપ્યું સુખદ સંગીત,
તમે આપ્યું પાત્ર મેં ભર્યું એમાં નવનીત.

તમે કાપ્યા ક્લેશ અર્પી તૃપ્તિ મેંય હંમેશ;
તમે કૈં મૌલાત મેં અર્પ્યું અક્ષયપાત્ર.

* * *

## ૨. કૃતજ્ઞતા

તમે સમર્પી કોમળ કાયા,
અર્પી મેં પણ મમતા માયા,
કોણ કૃતજ્ઞ કહોને કોને
તરુવર કે આ શીતળ છાયા ?

તમે સિતારી હું સ્વરધારા,
તમે વાટિકા હું મધુમાળા,
તમે આંખ હું જ્યોતિ આંખની,
તમે વિહંગ હું શક્તિ પાંખની.

સલિલ તમે તો હું પણ સરિતા,
કવિજન તમે ભલે હું કવિતા,
અર્ણવ તમે, વિરાટ વીચિ હું,
કિરણ હું, તમે શાશ્વત સવિતા.

સરજી તમે સનાતન સૃષ્ટિ,
વસી મેં કરી એમાં વૃષ્ટિ,
રચના કરી તમે અતિન્યારી
મંદિરની, હું બન્યો પૂજારી.

કોણ કૃતજ્ઞ કહોને કોને,
મનહર માળી કે આ ક્યારી ?
સુરાવલીનો સાજ સજ્યો મેં,
તમે બન્યા છો સ્વાદુ સિતારી.

* * *

## ૩. ઓગાળી દો

અહંકાર ઓગાળી દો સર્વપ્રકાર ભલે,
દયા કરો એની ઉપર ના તિલમાત્ર પણ તમે.
વિદ્યા તપનો જ્ઞાન સાધના વ્રત નિયમોનો, કુળનો
ધન બળનો, યૌવન મદનો, સુંદરતાનો, સત્તા કે પદનો

રિદ્ધિ સિદ્ધિ, વર્ણાશ્રમનો શાસ્ત્રાધ્યયનતણો,
પ્રતિષ્ઠાતણો મિથ્યા પક્ષ જે વળગી રહ્યો ઘણો,
કરી કુઠારાઘાત હણી લો, કાયમ કાજ જલે,
જ્વાળામાં સળગાવો એને, રે'મ કરો ન હવે.

નમ્રાતિનમ્ર મસ્તક મારું રોમરોમ રાગે
રંગાયેલું લઈ હૃદયને ન્હવરાવી ફાગે
આવું મંદિરદ્વાર તમારા, કરુણા કરો હવે,
અંતરાયને અલગ કરી દો સર્વપ્રકાર ભલે,

ભાવ ભરી ભેટીએ આપણ સુખ શાશ્વત પ્રગટે,
અહંકાર ના સંનિધિ આપે આતમને ખટકે.
અહંકારને ઓગાળી દો સર્વપ્રકાર ભલે,
દયા કરો એની ઉપર ના તિલમાત્ર પણ તમે.

* * *

## ૪. અમર દાન

પ્રભાતકેરા પુનિત પ્રહરમાં એક જ રશ્મિ રેલ્યું,
પ્રકટ્યો પ્રકાશપુંજ એથકી તિમિર દૂર સૌ ઠેલ્યું.

પ્રભાતકેરા પ્રથમ પ્રહરમાં તમે સ્મિત જ વરસાવ્યું,
મેઘચાપ એમાંથી પ્રકટ્યાં, હજી પ્રકટતાં ચારુ.

તમે સ્પર્શ સ્વલ્પ જ કીધેલો એણે જીવન અર્પ્યું,
દૃષ્ટિ મેળવી દૃષ્ટિ સાથે નવું જ સુંદર સર્જ્યું.

પ્રભાતકેરા પ્રથમ પ્રહરમાં માત્ર પ્રેમના બે,
તમે ઉતાવળથી અર્પેલા અમૃત-અક્ષરને

ગીત અનેક રચાયાં એથી અભિનવ લયછંદે,
થાક નથી, ના અંત એમનો યુગો પછી પ્રિય હે !

* * *

## ૫. પ્રેમ કરીને

મેં પ્રેમ કરીને નિહાળ્યું તારું મનહર મંદિર ન્યારું.
મેં અવલોક્યું અતિપ્યારું મુખમંડળ મધુર રૂપાળું.
મેં શાસ્ત્રોને ઉથલાવ્યાં, કૈં ધર્મવચનને વાંચ્યાં,
સદગુરુશ્રીચરણો સેવી સેવી વિદ્યાની દેવી,
તોપણ ના પામ્યો પેલું તુજ ભવન પૂર્ણતાકેરું.
એ ભૂલભૂલામણી છોડી તુજ રૂપ જોયું રઢિયાળું.

નેતી ધોતી પ્રાણાયામ ને ધ્યાન ધારણા કીધાં,
મુદ્રાને માણી સમાધિકેરાં પ્રેમે પીયૂષ પીધાં,
તીર્થમાં વિહર્યો વિજને ને વાસ વરસ કૈં કીધો,
મંત્રાનુષ્ઠાન કર્યાં કૈં કૈં લ્હાવ મૌનનો લીધો.
સંયમમાં અપરિગ્રહમાં આયુષ્ય બધુંયે ગાળ્યું,
તો પણ જોવા જ મળ્યું ના સ્વપ્ને પણ મુખડુ ચારુ.

મેં અશ્રુ આખરે સાર્યાં ને મનોરથ બધા માર્યા,
પોકાર પ્રેમથી પાડ્યા ને પુષ્પ ભાવનાં ઢાળ્યાં,
અહાલેક જગાવી એકલ પ્રકટાવ્યો પ્રેમ મધુરતમ્,
બડભાગી એ દિવસ બન્યો ને જીવન લાગ્યું સુંદરતમ.
શૃંગાર સ્નેહના સજતાં સંમિલન પામ્યો તારું,
પડદાને તેં જ હઠાવ્યો ના રહ્યું પછી કૈં મારું.

મેં પ્રેમ કરીને નિહાળ્યું તારું મનહર મંદિર ન્યારું.
મેં અવલોક્યું અતિપ્યારું મુખમંડળ મધુર રૂપાળું.

* * *

## ૬. કરુણા

મેં માંગ્યું એક જ બિંદુ, તમે વરસ્યા કરુણાસિંધુ.

મેં કરી કિરણની આશા ત્યાં સૂર્ય સહસ્ત્ર પ્રકાશ્યા;
મેં એક જ સ્મિતને ઝંખ્યું તમે જીવન સ્મિતથી રંગ્યું.

પ્રાણ લઈ પ્યાસી આવ્યો અમૃત ત્યાં અમોઘ અર્પ્યું.
મેં સ્વપ્ને સ્વપ્ન સમર્પ્યું. તમે મુજ સઘળું સંતર્પ્યું.

મેં સંજીવનને પ્રાર્થ્યું તમે અનંત જીવન આપ્યું.
મેં ચિનગારીને ચાહી તમે તિમિર સદાનું કાપ્યું.

મેં એકવાર અજ્ઞાનતામહીં પાત્ર પાણીનું પાયું.
તમે યુગયુગની માંડી પરબ ને અમૃત અક્ષય ઢાળ્યું.

કણ એક જ આપેલો મેં તમે ધનભંડાર બનાવ્યો,
મેં બીજ જ નાનું વાવ્યું તમે સર્જ્યો વૃક્ષવિસામો.

* * *

## ૭. ગુરુ

કોઈ વિરલા ગુરૂને જાણે, કોઈ વિરલા સદગુરૂ જાણે.

પંચતત્ત્વની પવિત્ર પ્રતિમા અંદર દેવ વિરાજે
યુગયુગથી આદેશ આપતા શાંત ઉદાત્ત અવાજે;
કોઈ મરમી એને માને, કોઈ વિરલા ગુરૂને જાણે.

સંતન સેવે, મહંત સેવે, સેવે તીરથયોગી,
જ્ઞાની વૈરાગી યતિ સેવે, સેવે આતમભોગી;
કોઈ સાધક સેવે ધ્યાને, કોઈ વિરલા ગુરૂને જાણે.

નામરૂપની દુનિયામાં આ અરૂપ તેમ અનામી,
વસી સાથ વિશ્વંભર અંદર, કેમ વર્ણવે વાણી;
કોઈ પામે વળી પ્રમાણે, કોઈ વિરલા ગુરૂને જાણે.

મંદિર મસ્જિદ ગુરુદ્વારામાં, અગિયારીમાં ખોજે,
ખોજે વનમાં ગિરિ સરિતાતટ, ધર્મશાશ્ત્રમાં રોજે;
કોઈ કોઈના પ્રગટે પ્રાણે, કોઈ વિરલા ગુરૂને જાણે.

* * *

## ૮. અનુરાગની અધિકતા

મેં અધિક અશ્રુ ના સાર્યાં.

મેં અધિક અશ્રુ ના સાર્યાં તમે પોકે પોકે રોયાં;
મેં અલ્પ અનિદ્રા વેઠી, તમે દિવસરાત ના જોયાં.
વરસોના ઉજાગરાઓ તમે મારે માટે વેઠ્યા,
હું સૂતો તમારે માટે તમે ઝંખી નિશદિન બેઠાં.

મેં કદી તમારે માટે પોકાર્યું પીડ લઈને,
તમે મારે કાજ નિરંતર પોકાર્યું પીડ સહીને.
મેં કરી પ્રાર્થના કિન્તુ તમે બન્યાં પ્રાર્થના પોતે,
મેં બિંદુથકી આરાધ્યાં તમે પૂજ્યો મુજને સ્રોતે.

સંભાર્યા તમને કોદી મેં વિરલ ધન્ય કો સ્થળમાં,
સંભાળ ક્ષણેક્ષણ લીધી તમે નગરમહીં ને વનમાં.
મેં ધર્યું ધ્યાન ખંડિતશું તમે ધ્યાન અહર્નિશ રાખ્યું,
મેં લીધું નામ કદાચિત તમે નિત્યસ્મરણસુખ ચાખ્યું.

મેં સંનિધિ ક્ષણની માગી, મને તૃષા તનિકશી લાગી,
તમે તૃષાર્ત કલ્પો કેરાં બનવા સત્વર બડભાગી.
પ્રકટ્યાં સંકોચ તજીને મારે માટે પૃથ્વી પર,
કૈવલ્ય હૃદયમાં રાખી શાશ્વત બનવાને સાથી
માનવનું સ્વરૂપ ધાર્યું મુજ સાથ રહેવા પ્રતિપળ.

* * *

## ૯. જન્મમરણ

તમે સર્વ જીવોને;

શ્રમિક પથિકને છાયા આપી સુવડાવી દો રાતે;
જીવનભરના થાક પછી દો નિદ્રા એમ જ વાટે .. તમે.

દૂર કરીને જાગે પાછો સુતેલ માનવ ચાદર;
તેમ જગાડો નૂતન જગમાં તમે વિખેરી વાદળ .. તમે.

* * *

## ૧૦. શાશ્વત સૂર

પછી નહિ કવિતા એક લખાય.

રોમરોમમાં કદી કાવ્યના હરદમ રાસ રચાય
એમાં હૃદય રંગથી રમશે ભલે ન કાવ્ય કથાય;
પછી નહિ કો ઉપદેશ અપાય ... પછી નહિ કવિતા.

નેત્ર ખોલશે અધર બોલશે ગાલ નિરંતર લાલ
હલનચલન વ્યવહાર જ વદશે વેદ વળી હરકાળ;
પછી નહિ મુખથી શાસ્ત્ર મપાય ... પછી નહિ કવિતા.

શ્વાસોશ્વાસે ગીત વસ્લનું અખંડ દિવ્ય ગવાય
શાંત સિતારી પડશે ત્યારે શમતાં ગીત બધાંય
સંગીત બની રહેશે જીવન, બજશે બીન સદાય
પછી નહિ બજશે સૂર જરાય .... પછી નહિ કવિતા.

* * *

## ૧૧. પ્રણય

અમે આંખ ખોલી અનુરાગ સાથે
ધરી જિંદગીને સદા શીશ સાટે,
રહ્યા ચિત્ત જોડી સુકોમળ ચરણમાં,
અમે તો પિપાસુ તમારા પ્રણયનાં.

નહીં વાસના અન્ય વળગી હૃદયને
નહીં કામના અન્ય સળગી તનિકેય;
અમે પૂર્વની પ્રીતથી પ્રીત કીધી
ધરી સર્વ મિલ્કત તમોને જ દીધી.

કદા મુક્તિ કે ભુક્તિ ના સિદ્ધિ માગી
તમારા જગતમાં રહ્યા ફક્ત જાગી;
સુખે કે દુઃખે તાપ છાયામહીં કે
તમોને ભજ્યા સાર સૌનો ગણીને.

અમે શીઘ્ર આવ્યા તમારા શરણમાં
રહ્યા પ્રાણ વારી સુકોમળ ચરણમાં
પરિતૃપ્તિ પામ્યા તમારી પરબમાં
તમે તો નહાયાં અમારા પ્રણયમાં.

સમર્પિત થયા તો તમેયે સમર્પિત
બન્યા ગીત ગાયું તમે તો સુસંગીત;
અમે સર્વ દેખ્યું તમારા વદનમાં,
તમે તો સમાયાં અમારા નયનમાં.

* * *

## ૧૨. હે અભય

હે અભય, પરમ અભયંકર, દાન અભયનું આપો.
હે વિમુક્ત પરમમુક્તિધર, બંધન સઘળાં કાપો.

શાંતિસ્વરૂપ પ્રશાંતિપ્રદાયક સુખસાગર સુખપ્રદ કરુણાકર,
જ્યોતિર્મય જ્યોતિપ્રદાયક હે ભવતારક પાલક શાશ્વતબળ,
શાંતિ પ્રસારો સુખ વિસ્તારો ક્લેશ પુરાતન કાપો;
જ્યોતિ જગાવો તિમિર હૃદયનું સત્વર સર્વ શમાવો.

હે પરિપૂર્ણ પૂર્ણપદદાયક પૂર્ણતાપદે સ્થાપો;
હે અભય પરમ અભયંકર બંધન સઘળાં કાપો.

પ્રેમાર્ણવ પ્રજ્ઞાન સનાતન પૂર્ણાનંદ રસેશ્વર રસપ્રદ,
આત્મારામ આત્મરત આત્મા શરણાગતવત્સલ સંકટહર;
પ્રેમામૃતરસપાન કરાવી જ્ઞાનપ્રદીપ જગાવો,
રસમય કરતાં સંકટ હરતાં અનુગ્રહે અપનાવો.

અનાસક્ત સંવાદી શુચિ હે અનાસક્તિ પ્રગટાવો.
સંવાદ ધરો, હે મધુમય મધુમય ને વિમળ બનાવો.
હે અભય પરમ અભયંકર, દાન અભયનું આપો,
હે વિમુક્ત પરમમુક્તિધર, બંધન સઘળાં કાપો.

* * *

## ૧૩. પ્રીત

છે પ્રીત પુરાતન મેંય કરી.
આ સ્વયંવરે સ્નેહ સમર્પીને સાથે તમોને માત્ર વરી ... છે પ્રીત.

જાણું છું ગુલના કંટકને, પથ્થરથી ભરપૂર પંથકને;
સ્વાદ સુધાનો મેળવવાને સોમલ મેળવવા હામ ધરી ... છે પ્રીત.

રણમાં સંતપ્ત થવાનું છે છાયા સાંપડતી સ્વલ્પ કહીં;
ધરતીકંપો લાવા વચ્ચે પણ સ્વસ્થ રહેતી મારી મહીં ... છે પ્રીત.

વાવેલું તેવું લણ્યું હવે, ના ભય કે ચિંતા લેશ ભવે,
સરિતા સાગરની દિશે વહે, તમને મળવાને રહ્યો સરી ... છે પ્રીત.



* * *

## ૧૪. તું

આશ્ચર્ય આ અવનીતણું
સર્જનતણું તું એકલું.

પ્રાકટ્ય તારું અંગ ને
અંતર અમલ આત્મા બધું
અનોખા આશ્ચર્યનું આશ્ચર્ય.

પ્રેમ પવિત્રતાના મધુર વિશ્વે
નથી નિહાળી અદકી હજુ
પૂર્ણતા મુક્તિ પરમ
જીવન અમી જીવનતણું.

તારું સકળ સાર્થક્યના
શૃંગે ગયું દૈવી ચઢી
તોયે પસંદ કરી ધરા.

છૂટા ન પડવાને કદી
ધારણ કરી મેં જિંદગી.
તેં જિંદગી પ્રીતે મઢી.

* * *

## ૧૫. પ્રીત

પેખ્યા પહેલાં પ્રીત શી,
સુણતાં પહેલાં ગીતિ શી,
ના સમજ કોઈને પડી
એ પ્રણયકેરી રીતની.

ના ભલામણ કોયે કરી,
ના માહિતી એની મળી,
તોપણ વહ્યા પાણીપ્રવાહો
સરિતની જ દિશામહીં.

દીક્ષા વિનાના મંત્ર શા,
શિક્ષા વિનાનાં તંત્ર ક્યાં;
આદત સમુંદરને ઉછળવા
ચંદ્રની પહેલાં પડી.

એને જ સંસ્કારો કહે
કવિ પ્રણય જન્માંતરો લહે;
આત્મા વસ્યો અંગે
સિતારીને સજી સંગીતની.

* * *

## ૧૬. દર્શન

દર્શન અનંત દર્શન, જ્યાં ત્યાં કૃપાનું દર્શન.

પૃથ્વી ઉપર પધાર્યો ત્યારે જ ને પછી પણ
પામી શક્યો તમારું રસપૂર્ણ દિવ્ય સ્પર્શન
પ્રત્યેક સ્થાનમાં ને ઘટના પ્રસંગે કાળે
લાગ્યા મને નિરખતા સ્નેહે તમે સુદર્શન.

આરોહ નિત્ય ચાલે અવરોહ શ્વાસકેરા,
શૈશવ કિશોર યૌવન ઋતુના અખંડ ફેરા,
આવાગમન ઘણાયે પ્રિયનાં થયાં પુરાતન,
વીણા વહાલની પણ વાગી રહી સનાતન.

એ મૂર્તિ એ પૂજારી, મંદિર પવિત્ર ન્યારું
એ ધૂપદીપબત્તી એ સ્તોત્રપાઠ ચારુ
એ આરતી અને એ નૈવેદ્યનું સમર્પણ
ચાલ્યું અનંત યુગથી આહ્લાદયુક્ત અર્ચન.

સંપત્તિ ને વિપત્તિ આનંદમાં વિષાદે
મોઢું કર્યું છે મીઠું મારું મહાપ્રસાદે
સર્જન બન્યું છે આખું આરંભથી જ દર્પણ
પ્રત્યેક પળ પરસ્પર આપણ કરીએ તર્પણ.

દર્શન અનંત દર્શન, જ્યાં ત્યાં કૃપાનું દર્શન.
દર્શન અનંત દર્શન, જ્યાં ત્યાં કૃપાળુ દર્શન.

* * *

## ૧૭. પ્રતીક્ષા

હર્મ્યશા આવાસમાં વિપુલ ઉપભોગોતણી
વિવિધ સામગ્રીથકી વીંટળાઈને હતો નિવસતો ત્યારે
ઘણા ખંડ ખાલીખમ પડ્યા રહેતા શોભા બની.

જીર્ણશીર્ણ વસનમહીં લપેટી કાયા તદા
સમીસાંજે અવનવા જણાવ્યું આગંતુકે,
રાતભર મુજને રહેવા દો તમારા ખંડમાં
માત્ર આશ્રયની અપેક્ષા, રંક ના
છતાં દૂર પડ્યો સુખદ મુજ ધામથી,
પ્રભાત પછી રહેવા ઈચ્છા નથી.

મુખ બગાડી રોષથી કેટલીક દલીલ પછી
હર્મ્યશા આવાસના રિક્ત કોઈ ખંડમાં
નહીં કિન્તુ સ્થાન તેં ઓસરીમહીં ધર્યું.
પ્રભાતે જ પ્રયાણ એણે કહ્યા મુજબ ખરે કર્યું.

દીર્ઘકાળ પછી પડી નજર મારી તે સ્થળે
ઓસરી આખીય તો મૌક્તિકે સ્થળને મઢી
જડાઈ સાશ્ચર્ય એ સુવર્ણે બાંધી બધે.

શોધખોળ કરી બધે વ્યગ્રતા વેદન લઈ
કરી ના આતિથ્યને શક્યો સંવેદનથકી
ગયો અવસર કિન્તુ આવ્યો ના ફરી.
પ્રતીક્ષા નિશદિન કરું છું ત્યારથી.

* * *

## ૧૮. પ્રશ્નાવલિ

મેં એવું કૈંયે ના માગ્યું, વધુ પડતું તમને શું લાગ્યું ?

સામ્રાજ્ય રસાધિપત્યતણી સ્વપ્ને ઈચ્છા નવ મેં રાખી,
વૈભવ લક્ષ્મી ઐશ્વર્યતણી તૃષ્ણાને એક તરફ નાખી;
તોપણ ના મધુર વચન ભાખ્યું; વધુ પડતું તમને શું લાગ્યું ?

યૌવન સૌન્દર્ય સનાતન ને અમરત્વતણું વર ના ચાહ્યું,
અનુરાગી અંતરની સાથે ગીતો ગાતાં વાયુ વ્હાણું,
તો પણ સામે ના ક્યમ ગાયું; વધુ પડતું તમને શું લાગ્યું ?

વૈકુંઠ સ્વર્ગશા લોકોને અમૃતમય ઝંખ્યા લેશ નહીં,
રિદ્ધિ સિદ્ધિને ના ચાહી, મુક્તિ માટે ના સ્થાન કહીં.
તોપણ પીયૂષ ન કાં પાયું; વધુ પડતું તમને શું લાગ્યું ?

દર્શનની આકાંક્ષા એક જ મેં શાશ્વત સંનિધિની સેવી;
આંખે આંખ મળે આતમ આત્મે માંગ નથી એ વધુ એવી.
મેં પ્રાર્થ્યું જીવનનું જાદુ, વધુ પડતું તમને શું લાગ્યું ?

* * *

## ૧૯. માગું

અધિક ના આયુ બસ માગું, સફળતા આયુની માગું.
અધિક બળને ન બસ બળ કિન્તુ સાર્થક સૌ બન્યું માગું.

ભલેને શક્તિ વ્યોમવિહારની મુજને મળે ન મળે,
ધરિત્રી પર રહેવાની કળા આદર્શ બસ માગું.

ચલાયે આગ કે પાણી ઉપર મારાથકી ન કદી,
વિકારો મલિન તૃષ્ણાથી વશ બનું લેશ ના, માગું.

શકું જાણી ન દૂરવર્તી વિષય કે અન્યના મનને,
છતાં મારા મનતણા વિચારો અભિનય બધા જાણું.

વિહંગોની ન વાણીને શકું સમજી છતાંયે શું,
મનુજની સૂક્ષ્મ વાણીને જઉં સમજી સદા માણું.

શકું નાનો બની મોટો નહીં અદૃશ્ય યોગબળે,
શિશુસમો નમ્ર ગૌરવવાન ગુપ્ત રહી શકું, માગું.

પ્રતિષ્ઠા ના ભલે પામું પ્રતિષ્ઠા અન્યને અર્પું,
ન પામું છાંય છાયાશો અવર માટે બનું સ્વાદુ.

મળે વૈભવ નહીં વૈભવ છતાંયે બનું વિશ્વતણો,
યુગોયગની બની જ્યોતિ જગાડું અન્યને જાગું.

**વિષમ વાતાવરણમાં મળે ના સંગીતની મહેફિલ,**
**વિસંવાદી સ્વરો વચ્ચે સુસંવાદી બની વાગું.**

**તમારું થાય દર્શન ના મને અફસોસ ના એનો,**
**તમોને પરમમંગલ દર્શનીય ક્ષણેક્ષણે લાગુ.**

* * *

## ૨૦. મન

મન એક તે તમારું વિહરે તમારા ચરણે
વાતો કરે છે મીઠી મીઠા ચઢીને રમણે.

ક્યાં મન રહ્યું અમારું ક્યાં છે હૃદય અમારે,
અર્ણવ ફરી વળ્યો છે અસ્તિત્વના કિનારે.

સઘળું બન્યું તમારું તમને સદા સમર્પણ,
કોનું કરીશું દર્શન મુખડું થયું છે દર્પણ.

પૂજનીય ને પૂજારી પૂજન મટી ગયું સૌ,
તૂટી પડી દિવાલો લાગી ગઈ નવી લૈ.

* * *

## ૨૧. ખોજ

મેં ખોજ તમારી ખૂબ કરી, સંનિધિને માગી શાંત ફરી.

શાસ્ત્રોએ સત્યપુરુષે શોધ્યાં ઉપદેશવૃંદે ઉપદેશ્યા;
મેં અનુપ્રાણિત બનતાં રણમાં રચવાને ચાહી વનસ્થલી.
કુસુમે કુસુમે પૂછી જોયું ક્યાં છે શાશ્વત સૌન્દર્યકળી.
મેં ખોજ તમારી ખૂબ કરી, સંનિધિને માગી શાંત ફરી.

એકાંત અરણ્યે વાસ કર્યો, તપ ને વ્રતનો આનંદ લહ્યો,
મૌન ધરી સમાધિ દિવ્ય કરી લીધું નવનીત અનંત ગ્રહી
તીરથમાં મધુર મિલન ઝંખ્યું, દેહાધ્યાસ ગયો સર્વ ગળી.
મેં ખોજ તમારી ખૂબ કરી, સંનિધિને માગી શાંત ફરી.

પહેલાંની પ્રીતે યાદ કર્યાં ને અશ્રુ અનવરત કૈંક વહ્યાં,
પોકાર્યા વીણાના તારે ગીતો ગાતાં નિત્ય મુગ્ધ બની;
વનમાં કે વસતીમાં નિશદિન વેદનથી લીધો પ્રાણ વણી;
મેં ખોજ તમારી ખૂબ કરી, સંનિધિને માગી શાંત ફરી.

પ્રેમથકી અંતે પ્રગટ થયાં, કરુણા કરતાં સહસા જ મળ્યાં;
જોયું તો જડચેતનરૂપે રાસ રહ્યાં દિવ્ય તમે જ રમી;
અંતરના અંતરતમથી ને અણુઅણુથી પ્રગટ્યાં હર્ષ ધરી,
મારે ખોજ હતી કરવાની ક્યાં તમે ઉપસ્થિત રહ્યાં અર્ધ્ય ભરી.

મેં ખોજ તમારી ખૂબ કરી સંનિધિને માગી શાંત ફરી.

* * *

## ૨૨. ઋણ

જન્મોજનમ પ્રગટ થઉં તને વરું રાસ રચું.
પ્રીતના પીયૂષથકી પ્રાણ ભરું, ધન્યતા લહાણ ધરું.
**તોય ઋણ ન ચૂકવી શકું પ્રેમનું પાવન પ્રબળ તારા પ્રેમનું.**

અંતરે જે વાતો કરી, પ્રેરણાઓ નવી ભરી;
સુરાવલિ સંગીતની શાંત સરી, જન્મોજન્મ વીણામહીં
એમને ભરીને ફરી યાવચ્ચંદ્રદિવાકરૌ પૃથ્વી પર ફર્યા કરું
તોય ઋણ ન ચૂકવી શકું પ્રેમનું પાવન પ્રબળ તારા પ્રેમનું.

**યુગેયુગે નવી કથા નવી વસ્તુ નવી વ્યથા**
**અક્ષરોમાં અંતરમાં એહને આલેખી રહું,**
**નિર્ઝર બનીને તને પ્રેમથી પખાળી વહું,**
**સંનિધિના સાકેતમાં કૈવલ્યમાં શ્વાસ લઉં.**
**તોય ઋણ ન ચૂકવી શકું પ્રેમનું પાવન પ્રબળ તારા પ્રેમનું.**

* * *

## ૨૩. અમે તમારા

અમે તમારા સ્મરણ વિના ના પળ પણ રહી શકીએ.

કરવું પડે સ્મરણ ન અમારે થઈ સહજ પણ જાયે,
વનમાં જેમ વહે છે ઝરણાં લહર વાયુની વાયે.
અમે તમારા સ્મરણ વિના ના પળ પણ રહી શકીએ.

કિરણ સૂર્યનાં પામી જેવાં દળ કમળતણાં ખીલે
મેઘબિંદુને ધરતી જેવી અભિનવ રસથી ઝીલે;
અમે તમારા મનન વિના ના પળ પણ રહી શકીએ.

કરવું પડે મનન ન અમારે અનાયાસ પણ થાયે,
પયમાં તક્ર લેશ મળવાથી દધિ જેમ બની જાયે.
અમે તમારા આરાધન વિણ પળ પણ ના રહી શકીએ,

કરવું પડે નહીં આરાધન નૈસર્ગિક પણ થાયે,
દિવસ રાતની પાછળ રાત્રિ દિન પાછળ જ્યમ જાયે.
તાપછાંયનો છાંય તાપનો સ્નેહ જેમ ના ત્યાગે;
અમે તમારી સંનિધિવિણ ના ક્ષણ પણ રહી શકીએ.

મધુરતા તજે મધ ના કિસલય કોમળતા ના ત્યાગે,
સ્મરણ તમારું કરે નિરંતર શ્વાસ અમારો રાગે,
નવલ ચેતન નવલ પ્રેરણા પ્રાણે નિશદિન જાગે.
અમે તમારા પ્રણય વિના ના પળ પણ રહી શકીએ.

સુમનને તજે સૌરભ ના ના શિશુ સ્વપ્ને માતાને,
અમે તમારા શરણ વિના ના પળ પણ રહી શકીએ.
અમે તમારા સ્મરણ વિના ના પળ પણ રહી શકીએ.

* * *

## ૨૪. સંત

મંથનમાંથી માખણ પ્રકટે, માખણમાંથી ઘી,
બીમાંથી અન્ન થતું, થાયે અન્નમાંહીથી બી.

સૂર્યકિરણ શોષે સાગરને રચે અભ્રની કાય,
વરસે અભ્ર અમૂલખ એવું કરતા સૃષ્ટિ સહાય.

મધમાખી ઉપવનમાં વિહરી મધપૂડો રચતી
અન્યકાજ અર્પણ કરતાં એ અમૃતરસ ધરતી.

તમારાથકી પુષ્ટિ પામતાં તમને પુષ્ટ કરે,
પુષ્પ જેમ પરિમલ પામીને ઉપવનને જ ધરે.

સરિતા સલિલવતી આરાધન અવનીનું કરતી,
સમુદ્રની શ્રેયસ્કર બનતી બીજાને ભરતી.

પૃથ્વી સહે તપે વૃક્ષો ને શીતળતા અર્પે
એમ અન્યને કાજે જીવે સૌને સંતર્પે.

કર્દમમાંના કમળ ચરાચર અંધકારમાં ચંદ્ર
મહાભાગ્યથી શકે સાંપડી સત્કર્મીને સંત.
... સંત તો પ્રગટ ખરે ભગવંત !

* * *

## ૨૫. અનુગ્રહ

સમ્રાટ સૌનો સહુથી પરાક્રમી
પ્રભાવશાળી મદમત્ત ચાલનો
થઈ જઈ વૈભવ વીર્ય વંચિત
શાર્દૂલ આ પીંજરમાં પુરાયો.

ગુમાવતાં ઉત્તમ આત્મગૌરવ
ફર્યા કરે વ્યાકુળ દીનહીનશો,
કાઢી શકે તો જ બહાર નીકળી,
અભેદ્ય દેખે નિત લોહપીંજર.

મૃગેન્દ્રશો માનવ સ્વાત્મ ભૂલી
પુરાયેલો શાશ્વત મોહપીંજરે
બની ગયો દીન ગુલામ જેવો;
કરે પ્રયત્નો પણ શે છૂટી શકે.

પામી શકશે તે જ લુપ્ત ગૌરવ
કરો નહીં અદભૂત જો અનુગ્રહ.

* * *

## ૨૬. વિશ્વરૂપ

તમે પરમધામમાં હો ના હો,
પ્રત્યેક પ્રાણમાં વાસ કરો
સર્જનમાં સઘળે રાસ રમો.

આર્ત અને અનાથના રૂપે
રુગ્ણ બની એકલ આહ ભરો,
સારીને અશ્રુ સદાય ચહો
દીન તથા હીન બની વિચરો.

આ વિશ્વરૂપ વૈવિધ્યભર્યું,
અભિનય કરતાં દિનરાત ફરો,
કોઈ સમજી શકતા તમને
અનુગ્રહવર્ષા જો લેશ કરો.

જે શાંતિ અન્યને અર્પે એ
આરાધક મંદિરના માનું;
પ્રતિપદ પ્રતિસ્થળ પૂજે તમને
બની વ્યથાગ્રસ્ત વરદાન ધરો.

* * *

## ૨૭. દર્શન

મંદિરમાં રૂપ તમારું આકર્ષક સુંદર ન્યારું
આભૂષણ વસ્ત્ર વિવિધ ને ભોગથકી સુખ ધરનારું.
મંદિરની બહાર બીજું બેડોળ ક્ષુધાતુર દીઠું
મેં સ્વરૂપ વસ્ત્ર વિનાનું ભિક્ષુકનું રુગ્ણ તમારું.

લંબાવ્યો હાથ નિહાળી ને સહાયતાયે માગી
ના કિન્તુ ઊભા કોઈયે દર્શનકેરા અનુરાગી
ના અશ્રુ આંખમાં જોયા મુખમંડળ ના રઢિયાળું
ઉપહાસ કરીને કો ચાલ્યા, ના સ્વરૂપ જાણ્યું ન્યારું.

મેં ચરણ પુષ્પ ચઢાવ્યાં ને પ્રસાદ અર્પ્યો પ્રેમે
શુચિ વસ્ત્ર લપેટ્યું અંગે કરુણાર્દ્ર બનીને કેમે;
હું ત્યાંથી જ ફર્યો પાછો, મંદિર બંધ થયું ચારુ,
સંતોષ સાંપડ્યો ઉપને મધુ દર્શન મળ્યું તમારું.

* * *

## ૨૮. તમારું બધું

અખિલ જગત પદચિહ્ન તમારું.
પદચિહ્ન અસંખ્ય પુનિત એવાં
સર્જન અંગ તમારું ન્યારું.
અખિલ જગત પદચિહ્ન તમારું.

સાધારણ છાયા શીતળશી
મર્ત્ય જગત આખુંય અમારું,
સપ્તલોકની છાંય અનોખી
તમે પ્રદીપ અન્ય અજવાળું.

હુંય તમારો તમે અમારાં
ચંદ્ર ચાંદની જેમ જ ચારુ;
સ્નેહતણો સંબંધ સનાતન
તમારું બધું બન્યું અમારું.

અખિલ જગત પદચિહ્ન તમારું.

* * *

## ૨૯. વિના વિલંબ

સ્વાર્થવૃત્તિને શાંત કરી દો કાયમકાજ પ્રભુ,
દૂર કરી દો જડતા સઘળી વિના વિલંબ વિભુ !

પોતાના સુખ ખાતર સેવે સ્વપ્ન સદા જન આ
શાંતિ લાભ સમૃદ્ધિ માગે પોતાની જડતા
બીજાની સુખશાંતિ હણી લે બનતાં છેક પશુ
દૂર કરો જડતા એ સઘળી વિના વિલંબ વિભુ !

છાયા છાયાખાતર હરતા દાનવ જેમ બની,
જ્વાળા જગવે બીજા કાજે માનવ હીન થઈ;
પોતાના અભ્યુદય માટે ચહે પતન પરનું,
દફનાવી દો દાનવતા એ વિના વિલંબ વિભુ !

મુક્તિ માગે કિન્તુ ન બંધન બીજાનાં સાલે,
બીજાને બાંધી બંધાયા રાખીને મ્હાલે,
પોષણ પામે શોષણ કરતાં અજ્ઞ અશક્તતણું,
કચડી નાખો સર્વ ક્રૂરતા વિના વિલંબ વિભુ !

સાદ સુણે ના અશ્રુ જુએ ના, પીડા ગૌણ કરી
બીજાની હિતચિંતા છોડી હોળીને જગવી
વિનાશ વેરે ઘમંડી બની, છોને હોય લઘુ
નષ્ટ કરી દો હીન વૃત્તિ એ વિના વિલંબ વિભુ !

* * *

## ૩૦. તમારો પ્રેમ

પળેપળ નૂતન, ક્ષણેક્ષણ સુંદર.
પ્રેમ તમારો અભિનવ લાગે પ્રતિદિન મને ચિરંતન.

જ્યારે જોઉં ત્યારે નૂતન, એનું એ આકર્ષણ;
એનો એ રસ એ પ્રસન્નતા; સ્મરણ તમારું સુખમય.

પુષ્પોથી વધુ પરિમલ પ્લાવિત, નિર્ઝરથી વધુ નિર્મળ,
મધુર મધુથકી, મનન તમારું દિધ્યાસન અમૃતમય,
દેશકાળથી અતીત શાશ્વત સ્વરૂપ શ્રેષ્ઠ કૃપામય.

ક્ષણેક્ષણે પાવન મુનિમનભાવન
પ્રેમ તમારો પ્રતિપદ પ્રતિસ્થળ મળે પરમ જ્યોતિર્ધર.
પ્રેમ તમારો અભિનવ લાગે સદા સર્વસંકટહર.

* * *

## ૩૧. તમારા વિના

વિદ્યા છે, તપ છે, વ્રત છે
યૌવન સૌન્દર્ય યશ છે
જીવનમાં સઘળું છે, તમે જ નથી
પછી શો કસ કે રસ છે ?

દીર્ઘ આયુ ઐશ્વર્યનો ઢગ છે
અધિકાર પ્રતિષ્ઠાનો મદ છે
ઉચ્ચતમ પ્રતિભા છે, તમે જ નથી
તમારા વિના શો કસ કે રસ છે ?

સુખોપભોગનાં સાધનો અપાર છે
સિદ્ધિશક્તિનો ના કાળ છે
સંગીતસમારોહે ઉસ્તાદશા
તમારા વિના બધું બેતાલ છે.

* * *

## ૩૨. કૃતકૃત્યતા

મેં બધી રીતે કર્યો છે પ્રેમ તમને પ્રાણથી,
વહાવ્યો અનુરાગ નિશદિન સાનથી ને ગાનથી.

જન્મ પામીને રચ્યું મધુર મંદિર રાગનું
સ્વપ્ન જોયું જાગૃતિનિંદ્રામહીંય સુહાગનું,
મૂર્તિ સ્થાપી તમારા મધુ ને દિવ્ય એક દિદારની,
આરતી નૈવેદ્ય પૂજા તમારી જ રહી બની.

આંખથી વાણીથકી મૌને હલન ને ચલનથી
વિચારો લાવે વિભવ ને દૈન્યના દિવસોમહીં
ઝંખના કીધી પ્રતીક્ષા તમારી કર્મોથકી
ધરી મિલ્કત ભાવથી અભિસારિકા સદૃશ બની.

સિતારીના સ્વર તમારે કાજ રેલ્યા છે બધે,
પૂર્ણરૂપે પ્રીત બાંધી તમારી સાથે રગે;
અશ્રુ સાર્યાં, વ્યથા વેઠી, અનિદ્રા માણી વળી,
સજીને સુરતા સતત રીતે સદા સરિતા સરી.

શું મળ્યું, શું ના મળ્યું, પરવા મને એની નથી,
તમે ન્હવરાવ્યો મને સંતોષ છે નિજ પ્રીતથી.
તમારી સાર્થક તઈ છે પરખ પાવન પ્રીતની
કદી હો કૃતકૃત્યતા તમને મળી મુજ ગીતથી.

* * *

## ૩૩. આશિષની આકાંક્ષા

જીવનમંગલ દે, અમને જીવનમંગલ દે !
સુવાસ અર્પે અખિલ જગતને ફૂલ ઉગી ઉપવને
સુગંધ રેલે એવી રીતે એવું આયુષ દે ... અમને.

સરિતા સરે સિંધુને મળવા સાધીને સુરતા,
વહે બધું જીવન એ રીતે વરવા કે મળવા;
રોકાયું રોકાય ન ક્યાંયે; એવી આશિષ દે ... અમને.

મલિન કરે કોઈ તોપણ ના મલિન બને ગંગા,
પાવન કરે સદાય અન્યને બનતાં જગવંદ્યા;
મલિન બને ના અંતર એવું અમોઘ દે વરને ... અમને.

પ્રદીપ જેમ પ્રકાશ દઈએ તિમિરપડળ ટાળી,
અભ્ર અનેક છવાયે તો પણ હિંમત ના હારી
સૂર્ય સમક્ષ પ્રસન્ન પ્રકટીયે એવી આશિષ દે ... અમને.

છાયા બની શકીએ કો'ની, કો'ના વેદનને
શાંત કરીએ, મૃત કોઈને ધરતાં જીવનને
આશીર્વાદ બનીએ ઉત્તમ એવી આશિષ દે ... અમને.

* * *

## ૩૪. સાધના

માળીએ નાખેલાં પેલાં ધરતીમાં બી
અંકુરિત થયાં ઉગી પોષણને પી
જોતજોતાંમાં બનીને કોમળ કળી
ફોરમ ફેલાવવાને લાગ્યાં મધુરી.

વ્યોમનું વિતાન વીંટી વાદળે લીધું
નિસર્ગે છતાંયે કેવું જીવન દીધું;
વિખેરીને વાદળને મલક્યો મયંક,
સંપત્તિનો સાજ સજ્યો વ્યોમે જાણે રંક.

મંથન પહેલાં થયું પછી નવનીત,
સિતારી સૂની પડેલી પ્રકટ્યું સંગીત;
વિપ્રયોગ વેદના ને ક્રંદન પછી
શમી ગઈ પીડ બધી સાર્થ થઈ પ્રીત.

સિદ્ધિને વરી લે સદા સાધના અમીટ,
શક્તિ તેની મરતી ના કિંચિત ક્વચિત.

* * *

## ૩૫. વાદળી

વાદળી વ્યોમથકી વરસી.

અચાનક પ્રલયપવન ફુંકાયા, થઈ ગર્જના ઘોર
ચપલા પણ ચમકી ચમકીને, કરવા લાગી શોર
પ્રાણને પ્રીત ગઈ સ્પર્શી ... વાદળી વ્યોમથકી વરસી.

વાગી રહી વેદનાવીણા અણુપરમાણુમહીં,
આકુળવ્યાકુળ આતમ એનો પામ્યો ચેન નહીં,
સઘળી ભોમ હતી તરસી ... વાદળી વ્યોમથકી વરસી.

વરસી ના વરસીને ચાલી અગમ દેશમાં ક્યાંક
શમે પિપાસા તે પહેલાં તો ગઈ કરીને રાંક.
વરસો ફેર બની તરસી ... વાદળી વ્યોમથકી વરસી.

* * *

## ૩૬. સડક

પહોંચેલી પગતણી પાની સુધી
કૈંક સીધી કૈંક વાંકી શામળી
પ્રસૂનો વચ્ચે પરોવ્યાં લાગતી
કેશલટ વિસ્તારતાં સૂતી સડક
સમી સાજે અંધકારે આજની.

મહાનાગણ નીકળી અભિસારિકા
બનીને પ્રેમે મગન એવી સડક.

આજના માનવતણી વૃત્તિસમી
ચંચલા વિષયી પ્રમત્તા પાંગળી
દિશાશૂન્ય અશાંત આશંકાભરી.

છંદ પિંગળ પ્રાસ કે અનુપ્રાસથી
શબ્દ અર્થ પ્રસાદ રસ કે ભાવથી
રહિત અતિ દુર્બોધ કો કવિતાસમી.

સત્યની ને માનવી મૂલ્યોતણી
સાધનાની ભયરહિત કેડીસમી.
સડક પૃથ્વીના હૃદય પરના પડ્યા
વ્રણસમી એકાંત આ વનમાં પડી.

જેમના જીવનમહીં ના કો સડક
એમના અંતરમહીં જગવે ભડક
વધે આગળ ફગાવી દેતાં ફડક
આ ઝરણસરખી તપસ્વિની સડક.

* * *

## ૩૭. વાદળી આકાશની

વાદળી આકાશની બનીને દેવાંગના,
ક્યાંક પ્રેમગમન કરે પ્રેમમત્ત બની સરે.
કાવ્ય કોઈ દેવના અંતરતણું
ઉદભવીને વ્યોમના હૃદયે રમે.

વાદળી આકાશની શ્યામના
રંગી હૃદયને રાગથી
બની શ્યામસ્વરૂપ સંકીર્તન કરે.
ભાવનાથી શ્યામના મનને ભરે.

ચંદ્ર એની ઉપર ચમકે એટલે
ગોરસી સાથે જતી ગોવાલણી
લાગતી ચંચળ પદે નભના પથે.

ધરિત્રીના વિરહની મીઠી વ્યથા
બનીને ઉચ્છવાસ આકાશે મળે.
નિવેદન આત્માતણું કરવા અકળ.
હૃદય એનું રાગમય જાણે તરે.

વાયુયાન સુદૂર દૈવી દેશનું
જાય અજ્ઞાત સ્થળે તારકપથે
વાદળી આષાઢના આકાશની
આશ દે દે પ્રેરણા પ્રેમે ફરે.

* * *

## ૩૮. પરિપૂર્ણતા

પરિપૂર્ણ સમુદ્રનું પાન કરે સંપૂર્ણ સમુદ્ર છતાંય રહે
કોઈ સ્નાન કરે કોઈ પાત્ર ભરે પરિપૂર્ણ સમુદ્ર છતાંય રહે.

પરિપૂર્ણ તમારો પ્રેમ ખરે એનું કોઈ રસપાન કરે
આકંઠ અનંત યુગોયુગ ભક્ત પ્રસન્નપણે રસપાન કરે,
પરિપૂર્ણ છતાં પણ પ્રેમ રહે કોઈ લેશ ન એનો મર્મ લહે,
તમે પૂર્ણ તમારું પૂર્ણ બધું, પૂર્ણમહીં પૂર્ણ સદાય રહે.

સિંધુમહીં સતત તરંગ થતા, કિરણો સૂર્યથકી કૈં છૂટતા,
અંગાર અગ્નિજ્વાળે પ્રગટે, જળ જલધિતણું વાદળ વરસે;
બ્રહ્માંડ અનંત તમારામાં પ્રગટે વિહરે ને લીન બને
તમે પૂર્ણ છતાંય અખંડ રહો, પૂર્ણમહીં પૂર્ણ વિહાર કરે.

પ્રેમીજન યુગયુગથી માણે દિનરાત કૃપામૃતપાન કરે.
ખૂટે ના પાણી લેશ છતાં, ના ક્ષીરસાગર અપૂર્ણ બને.
તમે પૂર્ણ તમારું પૂર્ણ બધું, પૂર્ણમહીં પૂર્ણ વિહાર કરે.

* * *

## ૩૯. તમારું પ્રાગટ્ય

બંસીને માધ્યમ બનાવતાં બંસીધર સ્વર રેલે,
મધપૂડામાં મધમાખીઓ મધુ પોતાનું મેલે,
તમે તેમ જીવનને જગવો પ્રગટે વિહરો વિચરો;
કરોળિયો પોતાના બળથી જેમ જાળશું ખેલે.

સર્વસ્વતંત્ર તેમ પ્રેમથકી તોપણ પરવશ બનતાં
પ્રગટો રાસ રમો રંગભર્યા બહાર ને અંતરમાં.
તમારા જ અનુગ્રહથી કોઈકોઈ જન એ જાણે;
ધ્યાન ધરે જે તમેય ડૂબો તેના મંગલ ધ્યાને.

* * *

## ૪૦. કોણ તમારા જેવું

સરિતા સાગર સપ્રેમ મળે.

સાગરને મળ્યા પછી સરિતા સરિતારૂપે ના શેષ રહે,
જોકે આલિંગે એક તરફ ને બીજી તરફ સદાય વહે.

સરિતાને મળનારાં નિર્ઝર હો છેક મલિન કે વિમલ ભલે,
સરિતામાં સર્વ સમાઈને સંપૂર્ણ વિશાળ વિશુદ્ધ બને.

પારસને સ્પર્શે લોહ પછીથી સ્વર્ણ બને ના લોહ રહે;
તમને જાણી લે પામી લે એ ઐક્ય તમારી સાથ લહે.

મહિમા સંપૂર્ણ તમારો ધરે, સરિતા સાગર સપ્રેમ મળે.



* * *

### ૪૧. અનુરાગ

અલ્પ હું ને તમે પૂર્ણ વિરાટ છો
સર્વશક્તિમાન છેક અશક્ત હું.
તમે તો સર્વજ્ઞ વ્યાપક સર્વમાં
સર્વરૂપ બની વિરાજો સર્વમાં
સર્વરૂપે અનુભવું મુજને ન હું,
તત્ત્વતઃ સર્વજ્ઞ તોયે અજ્ઞ હું.

તોય તમને આગમન અવનીમહીં
થયું મારું ત્યારથી આરાધતો
અવનવા અનુરાગથી અંતર ભરી
કાવ્યકુસુમો કલ્પનાકેરાં કરી
આગમન પહેલાંય ક્યાં ભૂલ્યો કદી ?
પ્રાણ મારો અલગ ના પડ્યો ઘડી.

પૂર્ણ મુક્ત વિરાટ છો સર્વત્ર છતાં
આપણું અંતર કપાયું આત્મનું;
સ્મરણથી મારા તમે સંવેદના
અનુભવો, તમને વળી મારા ગણી
તું કહી બોલાવતો, સિંહાસને
તમારા મુજને તમે બેસાડતાં
રહો ઊભા આર્દ્ર અનુરાગે બની.

* * *

## ૪૨. માતૃભૂમિને

સૂરજ ઊગે ને ચંદા મધુ ચાંદનીને રેલે
સંધ્યા ઉષા ગગનમાં પ્રગટે હસે ને ખેલે,
આકાશ જ્યાં સુધી આ જીવે તપે ને ધરતી
રહેવાની ત્યાં સુધી ને તે પછી પ્રેમભરતી.
આ અમારાં ઉરોમાં ઊઠેલી ભાવભરતી.

હે માતૃભૂમિ જીવન જીવીશું તારે માટે
ત્યાં સુધી, તે પછીયે, રક્ષીશું શિરસાટે.
તારે જ કાજ જીવન ને મૃત્યુ તારે ખાતર
કરવાને લીલી વાડી તારી અમે નિરંતર
વરસીશું દિવ્ય બનતાં વરસાદ કેરાં વાદળ.

વરસાદ મિષ્ટ વરસે ચમકે અનંત ચપલા,
ગરજે ગગન રચાતા ને રાસ ઈન્દ્રધનુના;
સાગર હસે ને સરિતાસ્ત્રોતો સમાય એમાં,
પુષ્પો પરાગ રેલે ભ્રમરો રમે છે ઘેલા.

રહેવાની ત્યાં સુધી ને તે પછી પ્રેમભરતી.
આ અમારાં ઉરોમાં ઊઠેલી ભાવભરતી.
હે માતૃભૂમિ જીવન જીવીશું તારે માટે,
ત્યાં સુધી, તે પછીયે, રક્ષીશું શિરસાટે.

દિનરાત તેમ ઋતુઓ જગના ફરે છે ફેરા
નર્તન સમીરલહરી કરતી સદા સવેળા,
શૈશવ વસંત યૌવન વાર્ધક્યમાળ ફરતી,
સર્જન અને વિસર્જનના રાસ સૃષ્ટિ રમતી,
રહેવાની ત્યાં સુધી ને તે પછી પ્રેમભરતી.
આ અમારાં ઉરોમાં ઊઠેલી ભાવભરતી.

હે માતૃભૂમિ જીવન જીવીશું તારે માટે
ત્યાં સુધી, તે પછીયે, રક્ષીશું શિરસાટે.
કરવાને લીલી વાડી તારી અમે નિરંતર

ગૌરવ ગણીશું સર્વે ખપતાં બનીને ખાતર,
વરસીશું દિવ્ય બનતાં વરસાદ કેરાં વાદળ.

* * *

## ૪૩. દર્શન

કેમ દર્શન દેવોના દેવનું મળે ?

વાદળ જોતાં વાયુ વહાણું
ચંદ્રકળા એની પાછળ રહે.
લપટાયો લીલે સરોવર કેરી,
શેવાળ પાછળ પાણી મળે ... કેમ.

માસ અષાઢનો વાયુ પ્રમાથી,
વિદ્યુત વ્યોમમાં તાંડવ કરે;
અંધકારપટ છે સઘળે છવાયા,
દિવસ દેખાય ના રાત મળે ... કેમ.

વિકૃત લોચન છારીભરેલાં
ઝાંખી ક્યાંથી યથાર્થ કરે;
સદ્ ગુરુ સાંપડે સદભાગ્યથી તો
મોહ મટે ને ભ્રાંતિ ટળે ... કેમ.

આસન વાળી જ્યોતિ જગાવી
શૂન્ય શિખર પર વાસ કરે,
દેવોના દેવનું દર્શન થાય ને,
એના વિના અન્ય કૈં ના મળે ... કેમ.

* * *

## ૪૪. છેક સમીપ હતું

તારી છેક સમીપ હતું સરવર તોયે આચમન કર્યું એક નહીં.
આંગણમાં ઊગેલું તરુવર તોયે છાયા માણી લેશ નહીં.

પ્યાસ હતી પ્રાણે પ્રખર ઘણી, વ્યાકુળતા લેતી આત્મ વણી;
તારી સંનિધિમાં જ પરબ પ્રકટી તોયે લહાવો લીધો લેશ નહીં.

તું જન્મદરિદ્ર પરમદુઃખી મથતો બનવાને શાંત સુખી;
મહાચિંતામણિ માર્ગે જ મળ્યો તોયે દળદર દૂર કર્યું જ નહીં.

સર્વત્ર સરસ રવિકિરણ ઢળ્યાં, પુષ્પો રેલી સ્મિત શાંત રહ્યાં,
અંધારે અટવાયો તોયે દુર્ગંધ શમાવી લેશ નહીં.

મળ્યું મંગલ મંદિર માર્ગમહીં તોય ના જ પ્રવેશ્યો પ્રેમથકી,
કર્યું આંખ ઉઘાડી ના દરશન, ગયો સમય બધો અણમોલ વહીં.

* * *

## ૪૫. આણો અંત પ્રતીક્ષાનો

આ ઝાકળજળકેરું બિંદુ
એની આગળ લહેરાતો સિંધુ,
એની પૂજા હવે સ્વીકારી લો,
એની આણો અંત પ્રતીક્ષાનો.

આ જ્યોત પ્રદીપતણી જાગી,
પાવકજ્વાળા પાસે લાગી;
એની ઉપાસના અપનાવી લો,
એની આણો અંત પ્રતીક્ષાનો.

આ કવિતાની પ્રેમળ પંક્તિ,
સાર્થ કરો એની અનુરક્તિ,
હે કવિવર સ્વરપૂજા લાવ્યો,
એની આણો અંત પ્રતીક્ષાનો.

દિવસો વીત્યા વીત્યા મહિના
વરસો ને યુગ સંવેદનમાં,
સરિતાને આલિંગો અર્ણવ
એની આણો અંત પ્રતીક્ષાનો.

* * *

## ૪૬. સાર્થક

જે વિહંગ નદીને પાર કરે
ચંચુમાં પાણી લેશ ભરે,
કિલ્લોલે ફેલાવી પાંખો
સ્નાન કરે પાન કરી ઊડે,
આંખથકી મેળવતાં આંખો,
એ વિહંગ પક્ષ બડભાગ ખરે
જીવનકેરું સાર્થક્ય લહે.

જે કિરણ રવિતણું ગગનથકી
છૂટીને વિહરે કમળદળે,
ક્રીડે વાતો સપ્રેમ કરે,
ચેતન પામી ચૈતન્ય ધરે,
એ સાર્થક કિરણ પ્રવાસ ખરે,
એનું આવાગમન ન વ્યર્થ ખરે.

એવી રીતે મુજ સ્નેહસ્વરે
સ્પર્શું દિનરાત સદા તમને
અભિનવ સૃષ્ટિ સ્વર્ગીય રચું
હર્ષ ધરું પૂર્ણ પ્રસન્નપણે
સ્નેહ તથા સ્નેહસ્વરો સાર્થક
એ અવનવીન પુષ્પો મારાં
સ્વીકાર્યા વિણ રહી શકે ના
પ્રાણથકી માની પ્યારાં.

* * *

## ૪૭. વરસાવો અમૃતબિંદુડાં

વિરહની વીણા વાગી, તીખી તરસ છે લાગી, વરસાવો અમૃતબિંદુડાં
અંતરમાં મારા વરસાવો અમૃતબિંદુડાં.

સરોવર સરિતા છે સામે, જળાશયો લાગ્યાં કામે, અર્ણવ પણ કામ આવે ના,
પરબનાં પાણીમાં તો મનડું મારું માને ના, નિર્ઝર સૌ ફીકાં લાગે આ.
કંઠ શોષાયો મારો, પ્રાણે જાગી જ્વાળાઓ, પાવા વાગે છે પ્રીતના.
અંતરમાં મારા વરસાવો અમૃતબિંદુડાં.

પ્રતીક્ષા કરીને વીતી વેળા મધુરી મારી, કરું છું છતાંયે પ્રતીક્ષા,
ચાતકને સ્વર્ગસુખ મેઘબિંદુમાં દીસે, વેઠે છે હરખે તિતિક્ષા.
પાણી ત્રિભુવનનાં કોઈ કામ ન લાગે, કામણભર્યાં છે પ્રાણનાં,
અંતરમાં મારા વરસાવો અમૃતબિંદુડાં.

ગાઈગાઈને કર્યો આતમને ખાલી ગૌરવભરેલાં ગીતડાં,
પડછંદા પડી રહ્યા અણુપરમાણુમાંથી પૂરવની પૂરી પ્રીતના.
તૂટી ના તૂટે એને ચોર ના લૂંટે, ખૂટે ના કોઈ કાળમાં.
મરીચિકામહીં એનું મનડું ના લાગે, ધર્મને લોને ધ્યાનમાં.
અંતરમાં મારા વરસાવો અમૃતબિંદુડાં.

* * *

## ૪૮. મેં તમોને ક્યાં કહેલું

મેં તમોને ક્યાં કહેલું પ્રેમને પ્રગટાવજો.
ઉષઃકાળે જિંદગીના મુજ હૃદયમાં ને વળી
તમારા હૃદયે પ્રખર મુજકાજ પ્રેમ જગાવજો,
મેં તમોને ક્યાં કહેલું પ્રેમને પ્રગટાવજો.

રોમેરોમે રાગિણી નિશદિન વગાડી રાગની
ક્યાં કહેલું રચી મંદિર મૂર્તિને પધરાવજો.
સૂર સુરતાથી છલેલા સનાતન રેલી સતત
ક્યાં કહેલું બનીને કવિરાજ કવન કરાવજો.

શશાંકે ક્યારે કહેલું ઉછળવાને સિંધુને,
સિંધુએ ક્યારે કહેલું ચમકવાય શશાંકને,
વલ્લરી ને વૃક્ષની વચ્ચે કરાવી પ્રીતને
મેઘ તેમ મયૂરના ને માત બાળકના ઉરે
સ્નેહની સુરતા ભરીને જગાવ્યું નવનીતને.
એ બધાંયે ક્યાં કહેલું પ્રેમને પ્રગટાવજો,
અમીમય આરાધના અપનાવતાં અપનાવજો.
નદીએ ક્યારે કહ્યું નદને સપ્રેમ વધાવજો.

પ્રેમ પ્રગટાવ્યો બનાવ્યો પ્રબળ તે સમજી શક્યો
કિન્તુ આહ ઉજાગરા ને વિરહના વેદનતણી
વગાડી વીણા નિરંતર સમીપે ના આવશો
મેં તમને ક્યાં કહેલું જ્વાળમાં જ જલાવજો.
તમે ના આવ્યા વિના અંતે રહી પાસે શક્યાં,
આપણે હરદમ સુખી સામીપ્યથી બનતાં વસ્યાં,
મેં તમોને ક્યાં કહેલું આવજો ના આવજો,
બને તો અંતરતણા અનુરાગને અટકાવજો.
તમે સહજ બધું કર્યું, ના વસવસો એનો કશો,
મેં તમોને ક્યાં કહેલું પ્રેમને પ્રગટાવજો,
મેં તમોને ક્યાં કહેલું પ્રેમ ના પ્રગટાવજો.

* * *

## ૪૯. મિલન જ માગું છું

હવે તો મિલન જ માગું છું.
વિરહવ્યથાથી વ્યથિત થવામાં ધન્ય ન લાગું છું ... હવે તો.

જીવનની શેષ રહી જે પળ તમારી જ પામે સંનિધિફળ,
તમારા જ ચરણે અર્ધ્ય ધરે આરાધે તમને જ શુભ સકળ.
એજ મનીષા મંગલ મારી, અન્ય ન માગું છું ... હવે તો.

પડદાને દો દૂર હઠાવી, અભિનવ દુનિયાને દો લાવી,
તમારા વિના અંતરમાં કૈં દૃષ્ટિ સમક્ષ શકે ના આવી
તમારી જ મધુ રાગરાગિણી નિશદિન વાગું છું ... હવે તો.

* * *

## ૫૦. તમારા મિલને

જીવન તમારા મિલને જીવન બની જશે આ;
સંતપ્ત પ્રાણ મારો કાયમ સુખી થશે આ ... જીવન.

સૂની પડી સિતારી ઉસ્તાદસ્પર્શ પામી
ઝંકૃત બની વહેશે શાશ્વત સુધાસ્વરોમાં ... જીવન.

તમને જ એ ચહે છે દિલની કથા કહે છે
એક જ લગન લઈને સુરતાથકી વહે છે,
સાર્થક થઈ જશે એ સાગરમહીં સમાતાં ... જીવન.

સ્વર્ગે કે બ્રહ્મલોકે વૈકુંઠમાં તમારી
સંનિધિ વિના સનાતન દીસે ન શાંતિ ન્યારી;
પ્રકટી રહે પ્રણયનાં પદ્મો તમે મળો ત્યાં ... જીવન.

સોમલ સુધા થશે ને રણમાં વનસ્થલીની
સૃષ્ટિ બની રહેશે મંગલ મિલન થવાથી;
જડ ચેતનાને પામી જાગી જશે સકળ આ ... જીવન.

* * *

## ૫૧. પ્રેમ

તમે પાયો અમને પ્રેમ.
પ્રગટ્યાં અરૂપ તોય અમારે માટે બનતાં પ્રેમ,
જાણો ન તમે કરી કેટલી એ વિધ અમ પર રે'મ ... તમે.

અમે છેક ધરતી પર, વસતાં તમે વ્યોમમાં તોય
ત્યાંથી આવી પાસ અમારી કર્યા રસે તરબોળ,
હૈયે રાખ્યું કર્યું સદાયે સર્વસ્થળે અમારું ક્ષેમ ... તમે.

એક ઘૂંટડે સ્વર્ગ, અન્યથી વૈકુંઠ ધર્યું ચરણે
ત્રીજો પાઈ સંસૃતિ કીધી સર્વ અમારે શરણે
ચોથે બન્યાં અમારાં અર્પ્યું સમસ્ત અમને તેમ ... તમે.



* * *

## ૫૨. એટલું કીધું

અમે તો એટલું કીધું, તમે પણ કેટલું કીધું !

રડ્યા દિનરાત યાદ કરી તમારી ઝંખના જગવી
ફર્યા વનમાં તમારે કાજ બીજી ફિકરને ફગવી,
હૃદય જાગ્યા જગતમાં ત્યારથી તમને દઈ દીધું.
અમે તો એટલું કીધું, તમે પણ કેટલું કીધું !

તમારી પ્રાર્થના, તલસાટ કેવળ તમારે માટે,
તમારી યાતના તીખી સહી કૈં શીશને સાટે,
પરમ પ્રેમામૃત તમારું અમે આઠે પ્રહર પીધું.
અમે તો એટલું કીધું, તમે પણ કેટલું કીધું !

તમારી સ્થાપના ઉરમાં, નિરંતર પ્રાણમાં પૂજા,
અહર્નિશ આરતી અંગાગમાં ના દેવતા દૂજા,
પુરાતન પ્રીતના સ્મરણે અમે સગપણ કર્યું સીધું.
અમે તો એટલું કીધું, તમે પણ કેટલું કીધું !

તમે પણ કેટલું કીધું - અમે ના લક્ષમાં લીધું !

* * *

## ૫૩. નેમ

અમારાસમા હશે હજારો, તમે અમારે એક;
આરાધ્ય તમે એક અમારે, આરાધકો અનેક.
તમે ભલેને રાખો કે ના રાખો કોઈ ટેક,
જન્મ્યા તે ક્ષણથી જ અમે તો થયા ઉપાસક નેક.
પ્રેમ ને શ્રેય તમે છો એક.

જોવું પડે તમારે યોગમ, તમે અમારી દૃષ્ટિ;
વિહરો તમે વિભિન્ન સ્થળે પણ તમે અમારી સૃષ્ટિ.
વરસો ક્યાં ક્યાં અનુરાગતણી અખંડ દૈવી વૃષ્ટિ,
અમારે તમે જ એકલ પુષ્ટિ.

યાચે અસંખ્ય ભક્ત તમારા દિવ્ય તમારો પ્રેમ,
જીવી રહ્યા અમે તો માણી માત્ર તમારી રે'મ.
તમે ના કરો કોણ કરે તો કહો અમારું ક્ષેમ,
તમે છો એક અમારી નેમ.

* * *

## ૫૪. પ્રેમરસ

કોઈ કરે પ્રેમરસપાન, કોઈ કોઈ બને ગુલતાન.

અનિત્યમાં અટવાઈ કરતા આસક્તિ વિદ્વાન,
પંડિત તપસી વૈરાગીયે અધિક ભૂલતા ભાન.
આરાધે કોઈક નિત્યને જોડી જગવી પ્રાણ ... કોઈ કરે.

મિથ્યાથી મોહાઈ ધરતા મિથ્યા કેરું ધ્યાન,
જ્ઞાની યોગી ભજનિક પામે કેમ કરી નિર્વાણ;
પરમસત્ય શિવને સંસ્મરતા કોઈક કરે ગાન ... કોઈ કરે.

નિર્મળ મનઅંતરના ક્યાંથી કરે મલિનજલપાન,
પદ્મ અનાયાસે જ પામતું પ્રભાકરતણી લ્હાણ,
પરમતત્ત્વના અનુસંધાને પામે અક્ષય ખાણ ... કોઈ કરે.

પાન કરે તે સ્વાદ સમજતા દે જીવનનું દાન,
કૃતકૃત્ય બને લેશ ચાખતાં એનો સ્વાદ મહાન,
રસમાં ડૂબે સ્વયં રસ બને કરે પરમકલ્યાણ ... કોઈ કરે.

* * *

## ૫૫. સર્વસ્થળે

સર્વસ્થળે ને સઘળા સ્થળે પ્રેમ કરું છું પૂર્ણપણે
સઘળા સંજોગોમાં નગરે વને મારી પૂજા ધરું છું તમારે પદે.

યાત્રી બનીને લોચન ઉઘાડ્યાં લાધ્યું દર્શન મને ત્યારથી બધે;
શબ્દો સુણ્યા જ્યારે સૌથી પ્રથમ એમાં તમને સુણ્યાં મધુમંગલ મેં.

સ્પર્શ તમારો જ પામ્યો બધામાં ત્યારથી પામું તમને જ પ્રિયે !
સર્વસ્થળે ને સઘળા સ્થળે ધ્યાન ધરું છું તમારું શુભે !

સંપત્તિમાં ને વિપત્તિમહીંયે માનાપમાને લાભાલાભમાં
હર્ષાવિષાદે તમોને ભજું તનમનઅંતરથી સઘળે સુખે.

પુષ્પ પ્રગટાવ્યું તમે જે ઉરે અર્પું તે પૂજી બધે તમને;
સર્વ ક્ષણે ને સઘળા સ્થળે મારો આતમ એવી રીતે તમને મળે.

* * *

## ૫૬. પશુસંગ્રહસ્થાન

અહીં અતિકરાળ વ્યાઘ્ર, વિષપૂર્ણ વિદ્વેષથી
વિઘાતક પ્રમત્ત સિંહ પશુશ્રેષ્ઠ લાચારશો,
પ્રચંડતનુ રીંછ હસ્તિ કપિ સંગ્રહસ્થાનમાં
બન્યા નજરકેદ માનવતણી રસવૃત્તિનાં

બની સકળ ભોગ, છેક અસહાય તોયે ચહે
હજી વિચરવા બહાર; મગરોય આ ઝંખતા
બહાર ફરવા બધા અજગરોય જોઈ જનો
કરે વદનનો વિકાસ ગળવા મથે નિષ્ફળ.

પ્રયાસ કરતાં વિહંગ પણ વ્યોમમાં ઊડવા
નિરર્થક; ન માનવીમન ચળે, હસે વ્યંગમાં
વિનોદ કરતાં : પ્રચંડ પ્રતિશોધ – દુર્ભાવને
બધાં પશુ દાખવતાં અસહ જીવતાં જિંદગી.

મને સકળ દીસતું જગત સંગ્રહસ્થાનશું
વિભિન્ન પશુથી વિહંગ મનુજોથકી ઊભર્યું.

* * *

## ૫૭. સદગુરુના શ્રીચરણમાં

ધર્મગ્રંથોના મનનચિંતનમહીં વરસો ગયાં,
કથાપારાયણ કરી સદવચન બીજાને કહ્યાં,
તોયે ન સાર્થકતાતણી પામી શકાઈ પુણ્યપળ,
સદગુરુનાં શ્રીચરણમાં વાસ કર, આવાસ કર.

યમનિયમઆસન કરી ષટ્ક્રિયાનિપુણ બની ગયો,
વૈવિધ્ય પ્રાણાયામના ને ધ્યાનમાં દીક્ષિત થયો,
સાધી સમાધિ છતાં ન પામ્યો સાધનાકેરું સુફળ,
સદગુરુનાં શ્રીચરણમાં વાસ કર, આવાસ કર.

મંત્રજપમાં પુરશ્ચરણે કરી આસક્તિ ઘણી,
કર્યો નિદ્રાનો વિજય ને તપ્યો મૌનવ્રતી બની;
નિયમો ઘડ્યા પાળ્યાં વ્રતો તોયે ન સુખ પામ્યો અચળ,
સદગુરુનાં શ્રીચરણમાં વાસ કર, આવાસ કર.

તીર્થો કર્યા ને કર્યાં સાધન શાસ્ત્રમાં સઘળા કહ્યાં,
એકાંત સેવ્યું કર્યાં અનશન તજી દેહતણી દયા;
અસંતોષ અશાંતિમાંથી મુક્ત બનવાને સકળ,
સદગુરુનાં શ્રીચરણમાં વાસ કર, આવાસ કર.

* * *

## ૫૮. ધડક

ધડક કેમ મિથ્યા નિરર્થક ફડક,
હઠાવી થરો ગાઢ તમિસ્ત્રકેરા
પહોંચે કિરણ સૂર્યનાં ચોતરફ.

પરિત્યાગતાં ચાલ આગળ ભડક,
સદા શાંતિયમ સત્યકેરી સડક.

* * *

## ૫૯. ગિરનારને

ગભીર ગિરનાર, શાશ્વત સમાધિતલ્લીન હે,
મુનીન્દ્ર, પ્રસરાવતાં પુનિત પ્રાણદા ચેતના
અનેક મૃતને ધર્યાં અમૃત તેં કર્યાં લોચને.
અલૌકિક કૃતાર્થ, ગાઢ તમ આત્મકેરા હણ્યા

પ્રકાશકિરણે, મહા પરમસિદ્ધિના આશ્રય !
વિભિન્ન ઈતિહાસ તેં પ્રકૃતિ ને પુરુષોતણા
પુરાતન સનાતન પ્રતિયુગે નિહાળ્યાં રસે,
કૃતાંત મુખમાંય જીવિત રહ્યો સ્થિતપ્રજ્ઞશો.

ગભીર ગિરનાર, આમ જ તટસ્થ કૂટસ્થશો
વસી વિવિધ વિષના વિષમશા પ્રવાહોમહીં,
નિરંતર નિહાળું પ્રકૃતિતણી કળાઓ પૃથક્,
મટે ન મુજ શાશ્વતી સુખમયી સ્થિતપ્રજ્ઞતા;

અડોલ નિજ આત્મગૌરવથકી કરી ઉન્નત
સદા વદન, પ્રેરણા અવરને ધરું અમૃત.

* * *

## ૬૦. એવી કવિતાને

એવી કવિતાને કરવી શું મારે જે ના ગુણોને તમારા કહે,
એવી સવિતાને કરવી શું મારે જે ના તમારી દિશામાં વહે.

એવા મંદિરને કરવું શું મારે જેમાં બધું પણ દેવ ના મળે,
આરાધના ના આરતી ઉતારે, પાવન પુષ્પો ના તમને ધરે.

એ દીપિકાને કરું શું કહોને જ્યોતિ જેમાં ના તમારી જલે,
એ પુષ્પથી શું, એ ધૂપથી શું, જેની સુગંધી ના તમને મળે.

એ અક્ષરો એ છંદો વળી એ ભાવાર્થની ભરમાર ખરે,
સ્વરો એ કરું શું સિતારીતણા જે જાગ્યા પહેલાં ના તમને વરે.

કાયા કહોને કરું શું હું એવી આતમ જેમાં ના જોવા મળે,
એ જિંદગી શું જીવન ન જેમાં તમારે માટે ના મમતા ઝરે.

વૈભવની એ વાતો નિરાળી સ્વપ્નેય તમને જે ના ચહે,
એ હોય કે ના હોય ભલેને મહારસ જેમાં ના તમારો વહે.

* * *

## ૬૧. સાગરનો સ્નેહ

વળે કળ, કળ ના વળે, ત્યાં તો
તરંગો ઉત્તુંગ ઊર્મિમઢ્યાં
અનવરત ફેલાવતાં અર્ણવ
સુસંવાદી સ્નેહનું સંગીત
રેલતાં પરિચય પ્રદાન કરી
પુરાતન વીંટે ચરણ મારાં
ભીંજવે, શીકર સલિલકેરી
છાંટતા તર્પણ કરે ન્યારું.

જડ મનાતો કિન્તુ માનવને
ઓળખી એકાત્મતા અદભુત
પ્રદર્શાવે; અરે મૂંગાયે
કાવ્યની કેવી કરે સૃષ્ટિ
ભાવનાની ભરીને ભરતી
વરસતાં કેવી પ્રણયવૃષ્ટિ !

માનવીમાં સ્નેહકેરો આ
સહસ્ત્રાંશ જ જન્મ પામે તો !

* * *

## ૬૨. સ્મશાન

સ્મશાનના દર્શનકાજ આવશો ?
સ્મશાન છે સુંદર દર્શનીય
પ્રશાંત, જીવંત જનોય એને
નિહાળતા કોડ કરે સુવા અને
લેવા લહાવો અણમોલ એનો
પ્રવેશતાં ત્યાં, મૃતનેય થતો
ઉમંગ કેમે તજતાં નનામી
આરંભવાને ક્ષણ નવ્ય જિંદગી.

સ્મશાનમાં મંગલ મૂર્તિ સંતની
ભક્તોતણી જીવનની જુદીજુદી
આખ્યાયિકાની અભિવ્યક્તિ અદભુત;
સ્મશાનનું દર્શન લાગશે પ્રિય !

સ્મશાનમાં નિત્ય નિવાસ હું કરું,
સ્મશાન ના દૂર; તુરંત મેં કહ્યું.

* * *

## ૬૩. પથારી

એક જ થાય પથારી, હરદમ એક જ પ્રાણપથારી.
એવી અદભુત અનહદ યારી હરદમ એક જ પ્રાણપથારી.
પ્રીત તમારી મુજને લાગે પ્યારી, તમેય પ્રીતભિખારી.

મનડે મૂર્તિ મનહર ધારી. બડભાગી પ્રીતથકી ન્યારી;
હું પણ છું બડભાગી, તમારાથકી વ્યાપી મારી
મારાથકી તમારી તેમજ સૃષ્ટિ સુખમય સારી.

સુખમાં દુઃખમાં યશ અપયશમાં હોળી હોય દિવાળી
વસંત પાનખરે ના તૂટે સૂની પડે સિતારી.
સતત સુધાસ્વરની સ્નેહમયી સૃષ્ટિ સરજે સારી.

જીવનમાં પ્રતિપદે પ્રતિસ્થળે અંતસમે પણ કૃતાંત મારી
શાશ્વત સમય સુધી અવિચળશી યુગયુગ થશે પથારી.
એક જ થાય પથારી, હરદમ એક જ પ્રાણપથારી.

* * *

## ૬૪. હું

હું નથી આ જમાનાકેરો વળી
અન્ય કોઈયે જમાનાનો નથી,
ના અતીતતણો નહીં ભવિતવ્યનો
મને સાંપ્રતની હવા નડતી નથી.

સદાયે સ્વાત્મસ્થ.
કાળ દિશા તથા દેશથી પર
સૂક્ષ્મ ચૈતન્યે વસું.
જગતમાં જીવું છતાં જગનો નહીં.

મને ના સંજોગ સ્થળ ઘટનાતણાં
બદ્ધ કરતાં વાયુમંડળ બંધનો.
સ્પર્શતાં કોઈય ના કટુ ક્રંદનો.
દૃષ્ટિ દર્શન સ્પર્શ આલેખન બધું
દિવ્ય નંદનવન જગાવે નંદનો.

* * *

## ૬૫. પૂજારીને

પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી, પૂજા કોની કરે પૂજારી ?
ઘટઘટમાંહી રાસ રમે છે, કરી પુરાતન યારી, પૂજા કોની કરે પૂજારી ?

કોને કાજે પુષ્પ લાવતો, કોને અર્પે માળા,
અભિષેક કરે, નૈવેદ્ય ધરે, બોલે સ્તોત્ર રસાળાં;
આરતી ઉતારે છે કોની દીપશિખા પ્રકટાવી,
આરાધ્ય નથી દેવ ઓળખ્યા, દૃષ્ટિ ક્યાં છે ન્યારી; પૂજા કોની કરે પૂજારી ?
પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી, પૂજા કોની કરે પૂજારી ?

સ્વરૂપ ના સમજાય એમનું સાધારણશું લાગે,
વિશ્વરૂપમાં વિરાજી રહ્યા વિચરે હરદમ આગે;
દીન હીન ને જીર્ણ વેશમાં લોચન જ્વાળ જગાવી
મળવા માગે તુજને તારી કિન્તુ ક્યાં તૈયારી; પૂજા કોની કરે પૂજારી ?
પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી, પૂજા કોની કરે પૂજારી ?

મંદિર દિવ્ય મહીમંડળનું પ્રભુજી એમાં રાજે,
ક્રંદન ક્યાંક કરે પોકારે પ્રાર્થે આર્ત અવાજે,
અનાથ આર્ત અભાવગ્રસ્ત છે બેઠા મનને મારી,
નૈવેદ્ય લઈ અર્પ એમને, લે આરતી ઉતારી; પૂજા કોની કરે પૂજારી ?
પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી, પૂજા કોની કરે પૂજારી ?

* * *

## ૬૬. હે ભગવન્

મારા અંતરમાં અંધાર ભર્યા એને દૂર કરી દો હે ભગવન્ !
મારા અણુઅણુમાં અંધાર ભર્યા એને દૂર કરી દો હે ભગવન્ !

તમે સૂર્યચંદ્રને પ્રકટ કર્યાં, તારકમાં તેજ અનંત ભર્યાં,
અગ્નિનો આવિર્ભાવ કર્યો, ચમકાવી ચંચલશી ચપલા.
વિસ્મયની વાત વિચિત્ર ખરે પડદા ના હઠી ગયા હજુપણ
પ્રાણમહીં શ્વાસોશ્વાસથકી પ્રકટાવો પ્રદીપને ભગવન્ !

તમે સાગર સરિતાઓ સરજી, સ્ત્રોત રહ્યાં નાનકડાં સરકી;
વૃષ્ટિનાં વાદળ છલકાવ્યાં સંજીવનદાયક અમૃતથી;
સંતપ્ત ધરા પર અમૃતમય ટપકાવો બિંદુને હજુ પણ,
રસવંત બને મધુવંત બધું નીરસ જીવન વિષમય ભગવન્ !

સુમનોમાં સુવાસ શ્રેષ્ઠ ભરી, દર્શનથી લેતાં હૈયું હરી,
એવું રૂપ પ્રદાન કર્યું દૈવી મંદિરમાં ભાવિક રહે ધરી;
હો સુમનસુવાસિત મારું બધું સુંદરતમ ચરણોમાં અર્પણ,
ના કઠિન તમારે કાજ કશું, પ્રક્ટાવો પરિમલને ભગવન્ !

પ્રકટાવો રણમાં વનસ્થલી સર્જન વસંતનું પાનખરે;
શાખમાં પ્રાણ ભરો જીવન દો, રસસંપન્ન કરો શ્રીફળને;
હે સ્વરસમ્રાટ અખિલ જગના, જાગ્યું ના જીવન આ હજુ પણ,
સ્વરવિહીન શાંત સિતારીને મધસ્પર્શ કરો જગવો ભગવન્ !

મારા અંતરમાં અંધાર ભર્યા એને દૂર કરી દો હે ભગવન્ !
મારા અણુઅણુમાં અંધાર ભર્યા એને દૂર કરી દો હે ભગવન્ !

* * *

## ૬૭. ક્યાં સુધી

ક્યાં સુધી ના આવશો બોલો તમે,
આખરે તો નિહાળીને નેહને
આવવું પડશે ચહો ન ચહો ભલે,
ક્યાં સુધી ના આવશો બોલો તમે.

તપ તથા વ્રતથી નહીં કોઈ સમે
જપથકી નિયમોતણા પાલન વડે
શકીશું પામી કહી દીધું અમે.
મન છતાં નિશદિન તમારામાં રમે.

કરે કોઈ યોગ દેહ વળી દમે,
જ્ઞાનની વાતો અવર જનને ગમે,
કથા કીર્તનમાં બને તલ્લીન કો,
અમારાં અંતર સ્મરણસુખને લહે.

વિરહકાતર વાયુ અથડાયે અહીં
અરણ્યે આરત ભરી અંતરમહીં,
પ્રેમ પ્યાસી પ્રાણથી પૃથ્વી ચહે
મેહુલો તો એમને મીઠો મળે.

રહી શકશો ના અમારાવિણ ખરે,
ભ્રમર ના વધુ વાર ઉપવનમાં ભમે,
તમારી પાસે પહોંચી ના શકે
ઉઠાવો અંકે સદા તેને તમે.

ક્યાં સુધી ના આવશો બોલો તમે.

* * *

## ૬૮. સ્વાતિબિંદુ તથા મેઘબિંદુ

છે કિંમત સ્વાતિબિંદુથી વધારે મેઘબિંદુની.

ગગનથી સ્વાતિનક્ષત્રે વિરલ કો વાદળી વરસે,
જલધિમાં માછલી ઝીલે વ્યથિત બનતી પરમ તરસે;
મધુર મૌક્તિક બને એનું; બધે કહેવાય છે કથની.
સુશોભન થાય રાયતણું બને ઔષધિ વળી અદકી.

તપે સંતપ્ત ધરતી ને પ્રતીક્ષા જીવ આર્ત કરે,
ગગનથી એજ ત્યારે મેઘની ધારા સતત વરસે;
કરે રસવંત એ સઘળું સુકોમળ સુખદ ચેતનથી,
બને જીવન જગતકેરું પરમ મૌક્તિક વિવિધ પકવી.

નદી ઉભરાય છલકાયે સરોવર જળાશય સઘળાં,
જડત્વ ટળે નવલ અવતાર પામે પ્રાણહીન ધરા,
ભલે ના સ્વાતિબિંદુ મળે મને પણ મેઘબિંદુની
મળે મહેફિલ સદા દૈવી સનાતન સ્નેહસિંધુની.

સરિતા સ્વાતિબિંદુથી વધારે મેઘબિંદુની
મહિમા મેઘબિંદુનો વધારે સ્વાતિબિંદુથી.

* * *

## ૬૯. બિરદ

તમે કવિતા કરો છો, હું ક્યાં કરું છું,
કવિનું બિરદ ભલે તમને મળે.
કિરણો તમે ધરો છો, હું ક્યાં ધરું છું,
રવિનું બિરદ ભલે તમને મળે.

મેં સમાધિ ધારી સુરતા બધીયે મારી,
દલેદલ બીડી દીધાં મારાં બધાં;
રેલી કૃપાનાં કિરણો પ્રીતિ જગાવી તમે
અચાનક આવી મારા આંગણમાં.
જીવન તમે ધરો છો, હું ક્યાં ધરું છું,
જીવનનું નામ ભલે તમને મળે.

પંચ મહાભૂતોનું પીંજર પડી રહેલું,
અંધકારના એમાં ઓળા ઉતર્યા;
જ્યોતિ જગાવી તેમાં જ્યોતિ તમે બનીને
અંધાર એથી મારા સઘળા ટળ્યા.
આતમ તમે બનો છો, હું ક્યાં બનું છું,
અભિધાન આતમનું તમને મળે.

દેખો તમે સુણો ને વિચારો નિદ્રાથી જાગો
હરોફરો આરોગો છો પ્રવેશી પ્રયાણ કરો,
વેણુમાં પ્રાણ ભરી વગાડો રેલો છો સ્વરો,
હરાઈને હૈયું મારું હેતે હરો.

સૃષ્ટિ તમે કરો છો, હું ક્યાં કરું છું,
સર્જક ભલેને સર્વે તમને ગણે.
તમે કવિતા કરો છો, હું ક્યાં કરું છું,
કવિનું બિરદ ભલે તમને મળે.

* * *

## ૭૦. અપેક્ષા

પ્રયાણ જન્મ આપ્યો તે કરી માતાપિતા ગયાં
અદૃષ્ટ દેશના કોઈ પ્રવાસે કાળ પાકતાં;
રમ્યા સંગાથ જેઓની એય છૂટા પડી ગયા
કાળપ્રવાહમાં કોઈ વહેતા કાષ્ટખંડશા;

ચાહવાયોગ્ય માનેલાં ચાહેલા અંતરાત્મથી
ચાહવા અન્યને લાગ્યાં સર્વે છૂટાં પડ્યાં વળી
વિશ્વાતઘાત કોઈયે કર્યો સ્વાર્થ પૂરો થતાં
કૃતઘ્ની બનતાં લાખો ભોંકીને શૂળ પ્રાણમાં.

તમે અનિત્ય સંસારે નિત્ય સન્મિત્ર ને પ્રિય
સનાતન વળી સાથી પ્રાણ જીવનમાં બની
યાચો પ્રેમતણી ભિક્ષા, પ્રેમને વર્ષવા ચહો,
વિદાય સૌ થયાં છોને હું ના થઈ શકું, કહો.

વ્યથાને વિસરું ધ્યાને; યાવચ્ચંદ્રૌદિવાકરો,
અપેક્ષા એટલી રાખું, મારા જીવનમાં રહો.

* * *

## ૭૧. નામનો મહિમા

અષાઢની વાદલડી વરસે ગૌરવભીનું ગરજે,
શીતળ સ્વાદુ લહર લહરાયે સદ્ય પ્રાણને સ્પર્શે,
આભાર પ્રદર્શાવે પૃથ્વીથકી, બની કૃતજ્ઞા કેવી
સૌરભ છોડી અંગાગથકી, વરસે કેવી હેલી !

બિંદુ બને પ્રત્યેક સુધામય ધન્ય ધરિત્રીકાજે
સંતાપ શમે એથી એના હૈયે જીવન વ્યાપે,
નવલ ચેતના પામી કેવી તૃપ્ત બને આહ્લાદે,
સસ્યશ્યામલા બને છેવટે સોહે મૌક્તિકમાળે.

અષાઢની વાદલડી નાની જીવન જગનું જગવે,
નામતણા અતુલિત મહિમાના પાઠ પુરાતન ભજવે
ઉરના ચિરવિયોગને લજવે.

* * *

## ૭૨. પુરાતન પ્રીત

હું ઝબકી નીંદર ત્યાગી, પ્રીત પુરાતન જાગી
મારે મંદિર વીણા વાગી, પ્રીત પુરાતન જાગી.

જડતાનાં પડળ છવાયાં, દળ તિમિરતણાં અતિ ફાવ્યાં;
પંથ ગયો પુનિત ભૂલાઈ, નૈરાશ્યવાદળાં છાયાં;
રશ્મિ રંગભર્યાં રેલ્યાં ત્યાં ચેતનપ્રદ અનુરાગી
પદ્મદલો પ્રકટ્યાં જાગી મસ્તી મઢતાં વણમાગી.
મેં ઝબકી નીંદર ત્યાગી, પ્રીત પુરાતન જાગી.

એકાંત અરણ્યે રણમાં વૈશાખી તીક્ષ્ણ અનલમાં
રોયો સંતપ્ત પ્રવાસી પ્યાસી બનતાં ક્ષણક્ષણમાં;
શી વનસ્થલી પ્રકટાવી અમૃતને દીધું ઢાળી.
શીતળતા શાંતિ પ્રસારી મુજ પ્રાણ કર્યો બડભાગી.
મેં ઝબકી નીંદર ત્યાગી, પ્રીત પુરાતન જાગી.

વીણાના તાર તૂટેલા ને પ્રાણ સમસ્ત ફૂટેલા,
મૃતપ્રાય બનેલી વાણી, શી કથા કહું કવિતાની;
સંજીવનસ્પર્શ પમાડી દીધું સંગીત જગાવી,
ઘટઘટમાં વીણા વાગી શાંત સુરાવલિ જાગી.
અંતરને લગન લાગી, આતમ બન્યો સુહાગી.
મેં ઝબકી નીંદર ત્યાગી, પ્રીત પુરાતન જાગી.

* * *

## ૭૩. સંતોષ

હું તમને નથી જોતો, તમે મને જુઓ છો,
એકાંતના એકાંતમાં પણ જુઓ છો;
હું તમને નથી સુણતો, તમે મને સુણો છો.
સૂક્ષ્મમાં સૂક્ષ્મ સુરાવલિને પણ સુણો છો.

હું તમને નથી સુંઘતો, તમે મારી સુગંધ માણો છો.
ક્ષણેક્ષણે સ્થળેસ્થળે માણો છો.
હું તમને નથી આરોગતો, તમે અહર્નિશ આરોગો છો,
મારા પ્રત્યેક પ્રસાદગ્રાસને આરોગો છો.

હું તમને ભલે નથી સ્પર્શતો, તમે મને સ્પર્શો છો.
મારા સમસ્તને સજીવન કરતાં ઝંકૃતિ ધરતાં સ્પર્શો છો.
હું તમારી સાથે નથી બોલતો,
તમારા વહાલભરેલા વાર્તાલાપ મારી સાથે
ચાલુ જ હોય છે, શ્વાસોશ્વાસે ચાલુ હોય છે.

તમારી સમક્ષ દિલને ના ખોલી શકતો હોઉં
તો પણ મારે માટે દિલને ખુલ્લું રાખો છો.
તમારા વિના નથી રહી શકતો હોઉં તો પણ
તમે મારા વિના નથી રહેતા, નથી રહી શકતા,
મને સંપૂર્ણ સંતોષ છે. એટલી સમજનો,
અનુભૂતિનો સંતોષ છે.

* * *

## ૭૪. કારણ

રડનારે પૂછ્યું કે રૂદન મારે આવું શાને,
શાંત ચિત્તથી વિચારતાં સત્વર આવ્યું ધ્યાને
કિલ્લોલતાં ફૂણાં કાળજાં કામણગારાં પેલાં
અશ્રુબિંદુને જગાવવાનું કારણ બન્યો પહેલાં.
પોકારોથી પીડિત પ્રાણે પૂછ્યું એનું કારણ
કહ્યું મહીમંડળમાં આનું નથી દીસતું મારણ,
સ્મૃતિપટ પર ત્યારે દેખાઈ કોમળ નાની ક્યારી
અકારણ જ કોમળતા એણે એની હણેલ સારી.

પીંખાયું જીવન ત્યારે આર્ત બનીને બોલ્યો,
પ્રેમ કરી પ્રેમાસ્પદ સાથે મુક્તિ મારગ ખોલ્યો
તૂટી ગયો હવે તે મારું સદભાગ્ય ગયું ફૂટી,
કયો થયો અપરાધ આશ કે જીવનકેરી ખૂટી;
યાદ અચાનક ત્યારે આવ્યો એને પંખીમાળો
તોડેલો જે નિષ્ઠુર બની એણે સહર્ષ ન્યારો,
પંખીનું કલ્પાંત સુણ્યું ના, કર્યાં એમને કેદ,
મારી નાખ્યાં, માનવમાળા તોડ્યા એમ અનેક.

સંતપ્ત બન્યો છાયા ખોઈ પ્યાસી વદે પ્રવાસી,
તૈયાર થઈ નાવ ડૂબવા ત્યારે દીન ખલાસી.
છાયા ગઈ હરાઈ શાને ડૂબે આજે નાવ
સંસ્મૃતિ જાગી તેજ ક્ષણે કે લૂંટી લીધી છાંય
શીતળ અન્યતણી, પાણી ના પીધું, પીવા દીધું
પરબતણું; નૌકા ડૂબાડી કૈંની કુકર્મ કીધું.

વિપ્રયોગથી વ્યથિત હૃદયને જ્ઞાન આખરે જાગ્યું,
મારે લીધે સ્નેહલ કોનું સદન સળગવા લાગ્યું,
અશાંતિ આપેલી જીવનને કૈંના હતાં હરેલાં
વિપ્રયોગથી વ્યથિત હૃદય મેં અગણિત અહીં કરેલાં.

* * *

### ૭૫. અમર પળ

ઉષાકાળમાં શાંત સવારે આવી સુરમ્ય રથમાં
સુવર્ણસુમન હતાં વેરેલાં ઉજ્જવળ પવિત્ર પથમાં,
ઊભા રહ્યા ભિક્ષા માગીને લોચનને લોચનમાં
લોલ પરોવી પુલકિત પ્રેમે મંદિરના પ્રાંગણમાં.

પ્રથમ કિરણ પ્રકટ્યું સૂર્યતણું, વિહંગ વાણી બોલ્યાં,
સમીપવર્તી સરસિજ સ્નેહે લલિત લહરથી ડોલ્યાં;
પુષ્પોના પરિમલથી દૈવી પરિપ્લાવિત ઉપવનમાં
ઉત્સવ થયો અનોખો, સૌએ સુર્વણનૈનન ખોલ્યાં.

હાથ તમે લંબાવ્યો પાછો ભિક્ષાકાજે પ્રેમે,
થયો સહજ સંકોચ, મર્મ ના સમજ્યો, સત્વર કેમે;
જગન્નિયંતા મારી પાસે ભિક્ષા શાને માગે,
વિલોકી રહ્યો વિચરતાં હું નયન રસેલાં રે'મે.

ભિક્ષાની ઝોળીમાં મારું જીવન કર્યું સમર્પણ,
સુવર્ણમુદ્રા અન્નવસ્ત્ર ના વૈભવ હતો ચિરંતન;
પ્રસન્નવદને નિહાળી, નહીં ઉચ્ચારી અક્ષર પણ.
તમે કરી બદલામાં મુજને ભસ્મ પ્રેમની અર્પણ.

રથમાં ફરી વિરાજ્યા, રથ એ ચાલ્યો જ્યોતિર્પથ પર,
રોમાંચ થયાં મુજને ત્યારે ખીલ્યાં સર્વ કમલદલ
પ્રસન્નતાનાં અશ્રુ ટપક્યાં લોચનદ્વયથી મારાં,
પ્રેમી બન્યો તમારો આજે, અમર બની પેલી પળ.

* * *

## ૭૬. પ્રદીપ

પવન વિનાનાં શાંત સ્થાનમાં પ્રદીપજ્યોત પ્રકાશે
મંદ છતાં પણ ચોક્કસ રીતે સદન સમસ્ત ઉજાળે,
આરાધે એકાંતમહીં કો દેવ હૃદયના એના
યોગિનીસમી પ્રલોભનોની પરવા એને છે ના.

ભીતિ જરાય પતંગિયાથકી ડગવાની ના એને,
સમાધિસ્થશી નિજ સ્વરૂપમાં તલ્લીન બની કેમે,
યોગીના મનની સ્થિરતાનું એથી સામ્ય કરાયું,
એની અસંગતાને જોઈ જ્ઞાનીહૈયું હરાયું.

પવન વિનાના પ્રદેશમાં ના પ્રદીપજ્યોત જરાયે
હાલે એમાં આશ્ચર્ય મને લાગે નહીં લગારે,
ખંડિત થાય વિનાશ ન પામે સમીર સુસવાટાથી
વાવાઝોડાંની વચ્ચે પણ રહે પ્રસન્ન પ્રકાશી.

આશ્ચર્યજનક દીસે મુજને જ્યોત વિશિષ્ટ વળી એ
ડગે નહીં ના હાલે લાખો જીવોનાં પડતાં જે.

* * *

## ૭૭. સમજી શકો તો સારું

સદભાગ્યને તમારા સમજી શકો તો સારું.
સમજીને એ મુજબ જો વરતી શકો તો સારું.

ભૂલી ગયા તમોને માનવ વધારે લાગે
મમતા કરીને બેઠા જીવનના ફૂલબાગે
માળીને વિસ્મરીને ડૂબી અનિત્ય રાગે.
સંગીત સ્નેહકેરું મેં ત્યાં જગાવ્યું ન્યારું
પૃથ્વી ઉપર પધારી, સમજી શકો તો સારું.
સદભાગ્યને તમારા સમજી શકો તો સારું.

નિંદા કરે તમારી આલોચના વળી કો'
ભૌતિક બન્યા, તમોને સ્મરવામાં સાર છે શો
એવા પ્રલાપ કરતાં જીવી રહ્યા હજારો.
મેં મંદિરે તમારું સ્થાપ્યું સ્વરૂપ પ્યારું
ત્યાં આરતી ઉતારી, સમજી શકો તો સારું.
સદભાગ્યને તમારા સમજી શકો તો સારું.

સંબંધ શીશ માટે મેં સ્વાદુ શ્રેષ્ઠ જોડ્યો,
સંસાર સર્જવાને સંસાર એક છોડ્યો,
આલાપને જગાવ્યો મમતાનો તાર તોડ્યો.
શૈશવથકી જ પૂજા કરવા તમારી ચારુ
દીધું બધું સમર્પી, સમજી શકો તો સારું.
સદભાગ્યને તમારા સમજી શકો તો સારું.

તમને જ ધ્યેય માની આરાધ્ય શ્વાસ લીધો
પીયૂષનો તમારો પ્યાલો પવિત્ર પીધો.
મહિમા વધારવાને જીવનનો ભોગ દીધો.
તમને વસાવવાને અર્પ્યું સદન મેં મારું.
અવસર વિરલ અનોખો સમજી શકો તો સારું.
સદભાગ્યને તમારા સમજી શકો તો સારું.

* * *

## ૭૮. આપણા હાથમાં કાંઈ ના ભાઈ

આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

ઈચ્છા પ્રમાણે તાપ ટકે ના બેસી રહે ના છાંય,
આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

સમજી એવું શાંત રહેવું લાગે ભલેને લ્હાય,
સુખ ને દુઃખમાં લાભ ને હાનિમાં જન્મમરણની માંહ્ય
આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

ધન્ય કરીએ ધન્ય થઈએ પીને પ્રેમને પાઈ,
વરસાય એટલું વરસી લઈએ ચારે તરફથી વાઈ
આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

યોજનાનુસાર યત્ન કરીએ તરવા સાગર ભાઈ,
રાખે તેમાં રાજી રહીએ જ્યારે જેવિધ સાંઈ.
આપણા હાથમાં કાંઈ ના ભાઈ, આપણા હાથમાં કાંઈ.

* * *

## ૭૯. પાત્રતા કરતાં વધારે

મ્હારી પાત્રતા કરતાં તમે છે વધારે આપ્યું.
મેં જ્યોતિ જરી પ્રકટાવી તમે સઘળું તિમિર કાપ્યું.

મેં દાણો એક ધરતીમાં પ્રમાદી બનીને નાખ્યો,
તમે દાણા અનેક ધર્યા, કર્યો ઉપકાર ના રાખ્યો.

સલિલનું બિંદુ એક જ મેં સુધામય સ્વપ્નમાં અર્પ્યું,
તમે બદલામહીં દૈવી સરોવર સ્નેહનું સર્જ્યું.

કિરણ મેં એક રેલેલું તમે સૂરજ બની પ્રકટ્યા;
સ્ફુલિંગ કરેલ અર્પણ મેં તમે જ્વાળા થઈ સળગ્યા.

પ્રણય મેં સ્વલ્પ દર્શાવ્યો તમે વરસાદમાં વરસ્યા;
કરાવ્યું આચમન તૃપ્તિ ધરી તો પ્રાણને તરસ્યા.

મેં આરાધેલ અક્ષરને તમે કોટી કરી કવિતા;
કમળદળ મેં કર્યું કેવળ તમે સત્વર બન્યા સવિતા.

ન શમદમ જ્ઞાન ગુણ મુજમાં, હૃદય મારું તમે માપ્યું;
મેં તમને એક આપ્યું તો અનંત ધર્યું તમે પાછું.

નિરાશા ના મને એથી શિશુક છો છેક નાનો હું,
બની માતા મમત્વમયી મનોરથ પૂર્ણ કરશો સૌ.

* * *

## ૮૦. રથ

રથ સુંદર અશ્વોવાળો સારથિ પણ છેક નઠારો
પથભ્રાંત થઈને અંતે બેહાલ બન્યો અતિન્યારો.

અવલોકી વિચાર એને જાગ્યા મનમાંહી મારા,
પુષ્પોની શીઘ્ર બનાવી મેં મનહર મંગલ માળા.

જીવનના પુણ્યપ્રવાસે ના તમને ભૂલું જરીયે
પાવન યાત્રાપથ છોડી પથ વિપથ ગ્રહું ન કદીયે.

હો વિપથગામી રથ તોયે પામે પથ સત્વર સારો,
રણમાં વનમાં વસતીમાં મને મળે તમારો સહારો.

આસક્ત બનું ના ક્યાંયે વરદાન એટલું માગું,
પ્રકૃતિના નર્તન વચ્ચે નિત પરમપુરુષમાં જાગું.

રથ સંયત અશ્વોવાળો સારથિ સાવધ ને સારો
ગંતવ્યસ્થાન પર પહોંચે પહોંચાડે વળી હજારો.

* * *

## ૮૧. જ્યોત બનું

હું કોઈ ઘરની જ્યોત બનું.
કો દેવમંદિરે દીપિકા બની અંધકારમાં તેજ ભરું ... હું કોઈ.

પથભૂલેલા પથિકો માટે રણમધ્ય બનું પ્રેમળ પગલી;
ચિરશાંતિ સમર્પી શકનારી સરજું હું સુંદર વનસ્થલી.
અર્પીને સુખ દુઃખી ઉરને હું સ્વર્ગસુખતણો સ્વાદ લહું ... હું કોઈ.

મરુભોમમહીં નીરસ કોઈ હું થઉં વીરડી સુધાછલી,
કોઈની તૃષા સમાવું ને સોમલમાં રેલું સદા અમી.
જન્માંધતણાં લોચન બનતાં દૃષ્ટિના દોષ સમસ્ત સહું ... હું કોઈ.

મૂંગાની વાણ થઈ અનૃત ને અનર્થનો પ્રતિકાર કરું,
પંગુને પર્વત પર પૃથ્વી પર ફરવાનું સામર્થ્ય ધરું.
કોઈક સિતારીના તારે સંગીત બનીને પ્રાણ ભરું ... હું કોઈ.

ઉદ્યાનપુષ્પ કોઈનું પાવન ઈન્દ્રચાપ કે જઉં બની,
નૌકા કોઈની મંદિર કોનું પ્રતિમા કોની રહું થઈ,
કોઈક તપ્ત ધરતીનો મીઠો બની મેહુલો ધન્ય થઉં ... હું કોઈ.

કોઈ શબમાં સંજીવન રેલું બનું જિંદગી જીવિતની,
કોઈના જીવન ખાતર જીવન સમર્પિત કરું ધન્ય બની.
કોઈ દેવતણી દુનિયા ને કોઈ દુનિયાનો દેવ બનું ... હું કોઈ.

* * *

## ૮૨. યોગી

એવા યોગી અનેક જોયા પંચાગ્નિ સેવન કરતા
મૌન ધારતા દેહો દમતા દિગંબર બનીને ફરતા;
કેવળ પયપાન કરી ટકતા સૂર્યોપાસક પ્રખર વળી
અરણ્યમાં આહ્લાદ પામતા વસતા પર્વત ગુફા નદી.

તટપ્રદેશ પર ત્રણે કાળમાં માને ના જગનું અસ્તિત્વ
ઈચ્છાનુસાર સમજી શકતા બીજાનાં સિદ્ધિથી ચિત્ત;
આકાશગમન કરે અનલ ને અનિલતણા સ્વામી જેવા
જીવન આખું વ્યતીત કરતા ધ્યાનમહીં એકલ એવા.

એવા યોગી આકર્ષે પણ આદર્શ બને ના મારા,
ભોગમધ્ય પ્રકટે પુષ્ટ બને મારી યોગતણી ધારા
એવો યોગી બનવા માગું વસતીથી જે ડરે નહીં
નગર અરણ્યે પ્રલોભનોની વચ્ચે પણ જે ચળે નહીં,

પ્રકૃતિ જેને ક્ષુબ્ધ કરે ના પથભ્રાંત વળી ના કદી,
મદમત્ત તરંગોની વચ્ચે પણ જેની આગળ હોડી
ધપે કિનારે સંસિદ્ધિના, બીજાને પણ પાર કરે,
સંવેદનસંપન્ન બની જે ભોગ અન્યને મોક્ષ ધરે.

* * *

## ૮૩. મહામેળામાં

નાશકધામે પંચવટીમાં ગોદાવરી સમીપે
ભરાયલા મેળામાં લેવા ભાગ જનેતા સાથે
કિશોર ચાલ્યો અંગુલ પકડી પ્રસન્નતાથી એની
મહેરામણ ઉમટ્યો માનવનો ચિંતા કિન્તુ શેની ?

અનેકરંગી વિવિધરૂપના પદાર્થ પ્રેમે પેખ્યા,
ચકડોળતણા ચંચળ બીજા ખેલ અનોખા દેખ્યા;
રસાસ્વાદમાં ભાન રહ્યું ના અંગુલિ ક્યારે છૂટી
જનેતાતણી ગયા તસ્કરો આભૂષણને લૂંટી.

રડવા લાગ્યો કિશોર ત્યારે માતા પાસે આવી
વિયોગવેદન દીર્ઘ સમયનું શક્યું ન છેવટે ફાવી,
હાથ પછી પકડ્યો માતાએ સંધ્યાસમયે એનો
નિશ્ચિંત બની બહાર આવ્યો ત્યારે માણી મેળો.

નાશકધામે પંચવટીમાં ગોદાવરી સમીપે
આવ્યો હુંય મહામેળામાં પ્રભાત સમયે પ્રીતે,
અંગુલિ મારી પકડેલી ના કામ એટલી લાગી,
હાથ તમે પકડ્યો ચિંતા ના પછી જરાયે જાગી.

* * *

## ૮૪. સંગ

છેક સાધારણ શિલાનો ખંડ આ
પડેલો આવા જ પ્રસ્તરખંડની
સાથ વરસોથી અજાણ્યો એકલો;
સુપ્રભાતે એ મુક્ત બની ગયો
પડ્યો શિલ્પી હાથમાં સુંદર બન્યો
પસાર થઈ પ્રક્રિયામાંથી વિવિધ
બન્યો પ્રતિમા મંદિરે; માળાથકી
ધૂપ દીપે છવાઈ નૈવેદ્ય ને
આરતીથી દર્શનીય બની રહ્યો.

વંદનીય થયો કરે ભક્તો સ્તવન
એહના આગળ રચે કવિઓ કવન;
શાંતિ પામે સહસ્ત્રો શુભ પ્રેરણા;
મૂલ્યહીન અસંખ્યના જીવનતણો
મૂલ્યવાન પ્રકાશ સંજીવન થયો.
સંગ શું ન કરી શકે અજ્ઞાતશો
વિશ્વમાં વિખ્યાત મહિમામય બન્યો.

છેક સાધારણ પ્રકૃતિનો ખંડ આ
પુરૂષને પામી વિરાટ બની ગયો.

* * *

## ૮૫. ઉઘાડો બારણાં

તમારાં તમે તો ઉઘાડો બારણાં.

બારણાં ઉઘાડીને અંદર આવી શકું ના, તમે તો ઉઘાડો બારણાં;
તોતીંગ તાળા માર્યાં ભોગળો ભારે વાખી, આડા અનેક આગળા,
દ્વારોની વચ્ચે આડા અનેક આગળા ... તમારાં તમે તો ઉઘાડો બારણાં.

ખોલીખોલીને થાક્યો ખોલી શક્યો ના તોયે જોઈ શક્યો ના આંગણાં;
દિવસો વીત્યા ને વીત્યા મહિના વરસો છતાંયે આવ્યાં સ્વપ્નાં ના હાથમાં,
સોનેરી શમણાં આવી શક્યાં ના હાથમાં ... તમારાં તમે તો ઉઘાડો બારણાં.

શક્તિ ના એવી મારી, ભક્તિ ના એવી ભારી, સૂઝબૂઝ ના વિસાતમાં;
યુક્તિપ્રયુક્તિ કોઈ ચાલી શકે ના મારી, વેળા વીતે છે વાતમાં.
આવેલી વેળા વીતી રહી છે વાતમાં ... તમારાં તમે તો ઉઘાડો બારણાં.

ખખડાવો બારણાં તો ઉઘડે અનાયાસે સાંભળ્યું એવું શાસ્ત્રમાં
કિન્તુ ખખડાવવાની શક્તિ ક્યાં મારામાં છે, ખખડાવો મહાદ્વાર આ
વિના વિલંબે ખખડાવો મહાદ્વાર આ ... તમારાં તમે તો ઉઘાડો બારણાં.

અનુગ્રહની એક આશા ચાતકને અભ્રકેરી પાણી પીવાયે કેમે ના
તમારી જ આશા રાખી બેઠો મંદિરિયે મારે, ખોલી દો પડદા પ્રાણના
ઉઘાડો તમે પોતે હવે તો બારણાં ... તમારાં તમે તો ઉઘાડો બારણાં.

* * *

## ૮૬. ગીત તમારું ગાઈ લો

**તમે ગીત તમારું ગાઈ લો.**

શાંત સિતારી સંધ્યાસમયે સંજીવન સંસ્પર્શથકી
વાગી ઊઠી ઝંકૃત બનતાં રસની અભિનવ સૃષ્ટિ સજી,
વૃક્ષો ડોલ્યાં, વિહંગ બોલ્યાં, ડોલી લલિત પવનલહરી,
સરિતા પણ સુખ પામી ડોલી, ડોલી સૃષ્ટિ વળી સઘળી.
કરું પ્રતીક્ષા હુંય તમારી સદ્ય સિતાર વગાડી દો ... તમે ગીત.

તમિસ્ત્રના થર બધે છવાયા, રજની અભિસારે આવી,
સમુદ્રમંથન થયું ગગનમાં નિસર્ગ પૂર્ણ ગઈ ફાવી,
મયંક પ્રકટ્યો સુધાઘટસમો પ્રકાશને સાથે લાવી
રજનીગંધા સુવાસ રેલી સત્કારે રસમાં ન્હાઈ.
તમિસ્ત્ર દૂર કરીને રશ્મિ અભિનવ આજે રેલી દો ... તમે ગીત.

ઘંટ મંદિરે વાગ્યા તેમજ શંખનાદ અવિરામ થયા,
સ્તોત્રપાઠ ને આરતીતણા ધ્વનિ મંગલમય ફરી વળ્યા,
શાંતિપાઠ પ્રતિઘોષ પ્રાણને માટે પ્રેરક ધન્ય બન્યા,
શબ્દ શાંત સઘળાય થયા ને વિરમી આપોઆપ વ્યથા.
ગીત બાજુ પર મારું મૂક્યું, મમતાનો ના અર્થ રહ્યો ... તમે ગીત.

* * *

## ૮૭. તો

અમારા ગુણે જ જો તરી શક્યા હોત તો માગી મદદ હોત ના.
તમારી માગી મદદ હોત ના.
અમારા બળે જ જો મળી શક્યા હોત તો પ્રાર્થના કરી હોત ના.
તમારી પ્રાર્થના કરી હોત ના.

તાર્યા સુપાત્ર ને પ્રેમીજનોને તમે, તાર્યા વિના ચાલ્યું ના,
તારત ના તોય તે તો તરી જાત આપબળે, મળી શક્યા તમને સહેજમાં.
કુપાત્ર અમોને તારો ત્યારે સાચા ગણાઓ, કૃપાસિંધુ કહ્યા ગીતમાં.
તમોને કૃપાસિંધુ કહ્યા ગીતમાં.

ગુણિયલને મળવા માટે સ્વેચ્છાએ સામે આવો એમાં અચરજ કૈં લાગે ના;
મળવા ના આવો તોયે મળી લે ગુણિયલ તમોને, મળો ગુણહીનને કદા
અમોને મળો ગુણહીનને કદા.
અમારી પ્રીતે જ જો વરી શક્યા હોત તો પ્રતીક્ષા કરી હોત ના,
પીડાભરેલી પ્રતીક્ષા કરી હોત ના

પ્રેમ હોત નેમ કે ટેક હોત તો અમારે આવવું પડ્યું હોત ના
ભિક્ષાને માટે આવવું પડ્યું હોત ના.
તમારે જ આવવું પડ્યું હોત અમને મળવા, સમજી લો તમે સાનમાં
હવે તો જરા સમજી લો તમે સાનમાં.
અમારી મતિ પ્રમાણે કરી શક્યા હોત તો માન્યા તમોને હોત ના
ગીતોમાં આવા ગાયા તમોને હોત ના.

* * *

## ૮૮. અમારા જીવનમાં

અમારા જીવનમાં મળો એવી રીતે ચંદનમાં જેમ પાણી મળે
અમારા જીવનમાં ભળો એવી રીતે ફૂલમાંહી જેવી ફોરમ ભળે.

સરિતા સુરતાભરેલી વહેતી અજ્ઞાત રીતે
સમાતી સાગરને પામી પુલકિત પ્રસન્ન પ્રીતે
અમારા જીવનમાં તમે એમ આવી જાઓ આરાધના તમને અમારી મળે.
અમારા જીવનમાં મળો એવી રીતે અંતર આપણાં અંતે વરે
અમારું જીવન પણ સરો એવી રીતે સિંધુને મળવા જેવી સરિતા સરે,
અમારા જીવનને વરો એવી રીતે આતમ જેવી રીતે અંગને વરે.

મધમાંહી મધુતા, ચંદ્રમાંહી ચાંદની, ધરિત્રીમાં જેવી સુગંધ ભળે,
દીપકમાં જ્યોતિ, જ્યોતિમાં આભા, વાદળમાં સૃષ્ટિ વૃષ્ટિ કરે,
અમારા જીવનમાં ફરો એવી રીતે વાયુ ને લહરી જેવી ફરે,
અમારા જીવનમાં તરો એવી રીતે નૌકા સરોવરમાં જેવી તરે.

અમારા જીવનમાં મળો એવી રીતે સૂરો સિતારના સિતારે મળે,
અમારા જીવનને ભરો એવી રીતે તારાગણો જેવું ગગન ભરે.
અમારા જીવનમાં મળો એવી રીતે અર્થને જેવી રીતે વાણી મળે.
અમારા જીવનમાં ભળો એવી રીતે પ્રશ્વાસમાં જેમ શ્વાસ ભળે.

* * *

## ૮૯. પિત્તળની થાળી

પિત્તળની થાળી સોનાની મારી થાય એનો કાટ બધોયે જાય.

જન્મદરિદ્રીએ વિપત્તિ વેઠીને જમાડ્યા રંકને સપ્રેમ;
રંકના ગયા પછી પિત્તળની ભોજનથાળી બદલાઈને થઈ ગઈ હેમ
એને દૈવે કરી કેવી સહાય, કવિતામાં કેમ કથા કહેવાય ?
પિત્તળની થાળી સોનાની મારી થાય એનો કાટ બધોયે જાય.

પ્રતીક્ષા કરી રહ્યો છું જાગ્યો છું ત્યારથી હું, કિલ્મિષનો કરું છું ઉપાય
જપતપવ્રત કૈં કામ ના આવે, લાગી છે અંતરમાં લ્હાય
અલૌકિક સહેજ સ્પર્શ કરાય પિત્તળની થાળી સોનાની થાય
એના કાટની આશંકા જાય, હરખ મારા હૈયાનો પછીથી ના માય



પિત્તળની થાળી સોનાની મારી થાય એનો કાટ બધોયે જાય.

* * *

## ૯૦. સંગનો મહિમા

ફૂલ ખીલેલું સુંદર ઉપવનમાં.
માળીએ એને ચૂંટી લીધું મૂક્યું મંદિર આંગણમાં ... ફૂલ ખીલેલું.

ઉત્તમ એનું રૂપ હતું ના, દૈવી કોઈ સુગંધી ના,
તોય પરોવ્યું અન્ય પુષ્પની સાથ મધુર માળા કરતાં .. ફૂલ ખીલેલું.

અજ્ઞાત બન્યું પ્રખ્યાત પરમ સોહ્યું બન્યું સુશોભન આ,
સંગતણો મહિમા અતિ મંગલ, પડ્યું પ્રભુના મુખમંડળમાં ... ફૂલ ખીલેલું.

* * *

## ૯૧. પરિતોષ આપું

તમે મને જુઓ છો તો હું તમોને જોઉં,
હસો રડો છો સાથે તો હસું તેમ રોઉં.

સુણો તમે મને તો હુંયે સુણું તમોને,
સ્પર્શો મને તો સ્પર્શું હરદમ ભલે તમોને.

પ્રશ્વાસશ્વાસમાં છો જીવન બની રહેલા
હુંયે તમારા શ્વાસે જીવન બનું સવેળા.

તમે મને ધરો છો પ્રતિપળ પીયૂષપ્યાલી,
હુંયે ધરું તમોને પ્યાલી કૃતાર્થતાની.


ચેતન તમે સમર્પો મુજને અનંત યુગથી,
સંતોષ એટલો છે સાર્થક સમસ્ત ગીતિ
પરિતોષ હુંયે આપું તમને કરીને પ્રીતિ.

* * *

**સમાપ્ત**

* * *

## ABOUT THE AUTHOR



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્‌ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ ▪ **અર્પણ** |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ (રામકૃષ્ણ) રસામૃત |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**